Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

વર્ષ : ૩૫ ● અંક : ૧૯૬
તા.૨૧-૦૮-૨૦૧૯, બુધવાર
સંવત ૨૦૭૫ શ્રાવણ વદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૭ સૂર્યાસ્ત : ૦૭:૦૮

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૧.૦ | વડોદરા | ૩૧.૬ |
| અમદાવાદ | ૩૨.૧ | સુરત | ૩૦.૪ |
| ગાંધીનગર | ૩૨.૪ | નલિયા | ૩૦.૪ |

ચાંદી : ૪૨,૫૦૦ સોનું : ૩૭,૨૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૪ વર્ષ...




# ભારતનું ચંદ્રયાન-૨ ચંદ્રની કક્ષામાં પ્રવેશ્યું

## ઇસરોની ઐતિહાસિક સફળતા : ચંદ્રયાને ઉડાનના ૨૯ દિવસ બાદ સૌથી મુશ્કેલ ધ્યેયને પાર કર્યું : ચંદ્રયાન-૨ હવે લક્ષ્યથી માત્ર ૧૮૦૦૦ કિલોમીટર દુર : સાતમીએ નવો ઇતિહાસ

હૈદરાબાદ

શ્રીહરિકોટાથી લોન્ચિંગના ૨૯ દિવસ બાદ ચન્દ્રયાન-૨ આજે સવારે ૯.૩૦ વાગે ચન્દ્રની કક્ષામાં પ્રવેશ કરી જતા ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આની સાથે જ ભારતે અંતરિક્ષમાં વધુ એક મોટી સિદ્ધી હાંસલ કરી લીધી હતી. હવે સાતમી સપ્ટેમ્બરના દિવસે ચન્દ્રયાન-૨ ચન્દ્ર પર ઐતિહાસિક હાજરી પુરવાર કરનાર છે. તમામ બાબતો યોજના મુજબ આગળ વધશે તો ૭મી સપ્ટેમ્બર ૨૦૧૯ના દિવસે રાત્રે ૧.૫૫ વાગે ભારતીય અંતરિક્ષ ઈતિહાસની સૌથી મોટી તારીખ રહેશે. એ દિવસે ચંદ્રયાન-૨ ચંદ્ર ઉપર રહેશે.



આજે શ્રીહરિકોટાથી લોન્ચિંગના ૨૯ દિવસ બાદ ચંદ્રયાને પ્રવાસના સૌથી મુશ્કેલ તબક્કાને પાર કરીને ઈતિહાસ સર્જ્યો હતો. ચંદ્રના ૩ લાખ ૮૪ હજાર કિલોમીટરની યાત્રા ઉપર નિકળેલા ચંદ્રયાન હવે પોતાના મિશનથી માત્ર ૧૮૦૦૦ કિલોમીટરના અંતરે છે. ચંદ્રયાન સીધીરીતે ચંદ્ર તરફ ગયું નથી પરંતુ પૃથ્વી અને ચંદ્રની કક્ષાઓમાં ચક્કર લગાવીને આગળ વધી રહ્યું છે. આગામી સપ્તાહ ખુબ જ પડકારરુપ રહેનાર છે. ચંદ્રયાનની સફળતાના સંદર્ભમાં આજે ઈસરો દ્વારા માહિતી આપવામાં આવી હતી. ચંદ્રયાન-૨ને ચંદ્ર પર સ્થાપિત કરવા માટે સેટેલાઇટને એક નિશ્ચિત ગતિથી ચંદ્રની સપાટીમાં પ્રવેશ કરવાની બાબત મુશ્કેલરુપ હતી. જો તેની ગતિ વધારે રહી હોત તો તે ચંદ્ર કક્ષાથી બહાર નિકળીને અંતરિક્ષમાં ખોવાઈ જવાનો ખતરો હતો. જો ગતિ ધીમી રહી હોત તો ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળ ચંદ્રયાન-૨ને પોતાની તરફ ખેંચી શક્યું હોત પરંતુ ચંદ્રયાન-૨ દ્વારા ખુબ જ સફળતારીતે ચંદ્રની કક્ષામાં એન્ટ્રી કરી દીધી છે.

## પૂર્વ પ્રધાન ચિદમ્બરમને જામીન ન મળ્યા : ધરપકડના એંધાણ

નવીદિલ્હી

સમગ્ર દેશને હચમચાવી મુકનાર આઈએનએક્સ મિડિયા કૌભાંડ સાથે જોડાયેલા ભ્રષ્ટાચાર અને મની લોન્ડરિંગના મામલામાં કોંગ્રેસના નેતા અને પૂર્વ કેન્દ્રીયમંત્રી પી ચિદમ્બરમની ધરપકડના ભણકારા વાગી રહ્યા છે. ચિદમ્બરમને આજે કોર્ટમાંથી મોટો ફટકો પડ્યો હતો. કારણ કે, પૂર્વ નાણામંત્રીની અરજીને દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. આઈએનએક્સ મિડિયા કેસમાં તેમની આગોતરા જામીન અરજીને ફગાવી દેવામાં આવ્યા બાદ તેમની ધરપકડના ભણકારા વાગી રહ્યા છે. જસ્ટિસ સુનિલ ગૌરે ચિદમ્બરમની અરજીને ફગાવી દીધા બાદ ચિદમ્બરમે તરત જ દિલ્હી હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. અરજી ફગાવી દીધા બાદ ધરપકડથી બચવા માટે ચિદમ્બરમે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી હતી. તેમની ટીમ ઉતાળવમાં સુપ્રીમ કોર્ટ પહોંચી ચુકી છે. હવે આવતી-કાલે તેમની અરજી ઉપર તાકિદની સુનાવણી કરવામાં આવનાર છે.કોંગ્રેસના વરિષ્ઠ નેતા કપિલ સિબ્બલે કહ્યું હતું કે, તેમની અરજી ઉપર આવતીકાલે સુનાવણી કરવામાં આવનાર છે. હાઈકોર્ટના ચુકાદા બાદ વરિષ્ઠ વકીલ અને કોંગ્રેસી નેતા સિબ્બલે વકીલોની ટીમ સાથે તમામ સંભાવનાઓ ઉપર ચર્ચા કરી હતી.

## વિચાર વૈભવ...

'મમ્મી,હું ઘરે આવી જાઉં છું.'

'પણ કેમ'

'તારા જમાઈ હવે સહન થાય તેમ નથી'

'શું થયું?'

'પહેલાં એ ઝઘડતા જ હતા,ગઈકાલે એમણે મને લાફો મારી દીધો છે'

'તો તારે ઘરે આવી જવાની જરૂર નથી'

'કારણ'

'તારા ઘરે આવી જવાથી તો એ સુખી થઈ જશે.તારે એમને સુખી કરવાની નહીં.સજા કરવાની જરૂર છે'

'એટલે'

'એટલે આ જ કે તારે અહીં આવવાનું નથી.હું પોતે ત્યાં આવી જાઉં છું.'

પરમાત્માની વ્યાખ્યા કરવી હોય તો

એમનામાં શું-શું હોય,

એ જણાવવાથી જલદી સમજાઈ પણ

શું-શું ન હોય

એ જણાવવાથી જલદી સમજાઈ જાય!કારણ?

એમનામાં જે છે એનો આપણને કોઈ અનુભવ નથી

અને એમનામાં જે નથી

એનાથી તો આપણે ખદબદી રહ્યા છીએ.

બસ,પ્રેમને સમજવો છે?

આવી જ રીતે સમજો.

એ"શું છે?'એ રસ્તે નહીં,

એ'શું નથી?'એ રસ્તે.

પ્રેમમાં ઈર્ષ્યા નથી,શંકા નથી,

માલિકીભાવ નથી અને દુશ્મનાવટ નથી.

આવો પ્રેમ આપણી પાસે ખરો?

આચાર્ય વિજય
રત્નસુંદરસૂરિ

## અંકુશરેખા ઉપર પાક. સેનાના ગોળીબારમાં એક જવાન શહીદ

જમ્મુ

જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં પાકિસ્તાને ગયા સપ્તાહમાં અનેક વખત યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યા બાદ ફરીવાર અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ઉશ્કેરણીજનક કૃત્યો જારી રાખ્યા છે. અંકુશરેખા ઉપર યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાને ફરીવાર રાજૌરીમાં ગોળીબાર કર્યો છે. રજૌરી સાથે જોડાયેલા એલઓસીના વિસ્તારમાં ગોળીબારમાં એક ભારતીય જવાન શહીદ થયા છે. સેનાની અગ્રિમ ચોકીઓ સહિત તમામ નિવાસી વિસ્તારોમાં પાકિસ્તાન દ્વારા ભીષણ ગોળીબાર કરવામાં આવ્યો છે. અંકુશરેખા ઉપર વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનને પણ ભારે નુકસાન થયું છે. ગયા સપ્તાહમાં જ પાકિસ્તાને અનેક વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. ૧૫મી ઓગસ્ટના દિવસે ભારતીય સેનાએ આક્રમક કાર્યવાહી કરી હતી. અત્રે નોંધનીય છે કે, જમ્મુ-કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ નાબુદ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન ત્રાસવાદીઓને ભારતમાં ઘુસાડવા માટે તમામ પ્રયાસ કરી રહ્યું છે. અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી રહ્યોછે. જો કે ભારત દ્વારા પાકિસ્તાનની તમામ હરકતનો યોગ્ય જવાબમાં આપવામાં આવી રહ્યો છે.

## કાશ્મીરના વિવિધ વિસ્તારોમાં નિયંત્રણ વધુ હળવા કરાયા

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારમાં સ્થિતિને હળવી કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં વધુ પગલા સતત લેવામાં આવી રહ્યા છે. શ્રીનગરના મુખ્ય કેન્દ્ર લાલચોક પર મુકવામાં આવેલા બેરિકેડને હવે દૂર કરવામાં આવી ચુક્યા છે. લાલચોકથી ૧૫ દિવસ બાદ બેરિકેડ અને નિયંત્રણો હળવા કરી દેવામાં આવ્યા છે. બીજી બાજુ મોબાઈલ અને ઈન્ટરનેટ સેવા ૧૬માં દિવસે પણ ખોરવાયેલી રહી હતી.

## બનાસકાંઠા જિલ્લામાં છૂટોછવાયો વરસાદ પડવાની શકયતાઓ

### વરસાદના અભાવે તાપમાન ઉંચુ જતા લોકો પરેશાન

પ્રતિનિધિ વડાવલ

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદે વિરામ લીધો છે.પરંતુ કેટલાક સ્થળો પર હજુ પણ છુટોછવાયો વરસાદ થવા પામ્યો છે.રાજ્યમાં રાજ્યમાં વરસાદી સિસ્ટમ હજુ પણ સક્રિય હોવાથી હવામાન વિભાગે રાજ્યભરમાં છુટો-છવાયો વરસાદની શક્યતા વ્યક્ત કરી છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ અમીરગઢ વડગામ પાલનપુર સહિતના



નરસિંહ દેસાઇ

વિસ્તારોમાં છુટાછવાયા વરસાદી ઝાપટા થયાના અહેવાલો મળી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લા મોસમ વિભાગના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે બનાસકાંઠા જિલ્લામાં ૨૦ ઓગસ્ટ ના સવારે ૬ વાગ્યા સુધી અમીરગઢમાં ૧૩ મિલીમીટર દાંતીવાડામાં ૬ મિલિમીટર પાલનપુરમાં ૧ એને વડગામમાં ૬ મિલીમીટર જેટલો વરસાદ નોંધાવા

અનુસંધાન પાના નં.૬

## સાર સમાચાર...

### ૧૧૦૦ કરોડના ખર્ચે તૈયાર થતાં મોટેરાનું ૯૦ ટકા કામ પૂર્ણ

અમદાવાદ

આશરે રૂ. ૧૧૦૦ કરોડના ખર્ચે બની રહેલા મોટ-રા સ્ટેડિયમનું ૯૦ ટકા કામ પૂર્ણ થઈ ગયુ છે અને ટૂંક સમયમાં જ તેનું લોકાર્પણ કરવામાં આવે તે પ્રકારે આયોજન ચાલી રહ્યું છે. થોડા દિવસોમાં અમદાવાદીઓને વિશ્વના સૌથી મોટા મોટેરા ક્રિકેટ સ્ટેડિયમની ભેટ મળશે. આશરે ૬૩ એકરમાં ફેલાયેલું આ સ્ટેડિયમ મેલબોર્ન ક્રિકેટ સ્ટેડિયમ કરતાં પણ વધારે મોટું હશે. મોટેરા સ્ટેડિયમમાં ૧.૧૦ લાખ દર્શકોની બેઠક ક્ષમતા છે. અંદાજે રૂ.૧૧૦૦ કરોડના ખર્ચે નિર્માણધીન આ સ્ટેડિયમ ૨૦૨૦માં રમાનારી આઈપીએલમાં જે ટીમ ઈચ્છશે તેને સ્ટેડિયમ હોમ ગ્રાઉન્ડ તરીકે અપાશે.

## રેલ્વેની આડોડાઈથી ડીસા તાલુકાના ત્રણ ગામો નર્મદાના નીરથી વંચિત

### જગતના તાત ગણાતા ખેડૂતોનો 'તળાવ કિનારે તરસ્યા' જેવો ઘાટ

ડીસા

ડીસા સહિત જિલ્લામાં સતત બીજા વર્ષે અપૂરતો વરસાદ થયો છે તેથી ખેતીને બચાવવા સરકાર દ્વારા સુજલામ સુફલામ કેનાલમાં પાણી નાખવામાં આવ્યું છે પરંતુ રેઢિયાળ રેલવે તંત્રની આડોડાઈના કારણે ડીસા તાલુકાના ગઝનીપુર, મૂડેઠા અને બુકોલી ગામના ખેડૂતો નર્મદાના નીરથી વંચિત રહી ગયા છે જેને લઈ ખેડૂતોમાં ભારે ઉહાપોહ છવાયો છે.

ડીસા સહિત જિલ્લામાં સતત બીજા વર્ષે નહીવત વરસાદ થયો છે તેથી ભૂગર્ભ જળમાં ધરખમ ઘટાડો થતા એકમાત્ર ખેતીના વ્યવસાય ઉપર પણ આફતોના ઓળા ઉતરી આવ્યા છે તેમછતાં ખમતીધર ખેડૂતોએ આ વર્ષે



સારા વરસાદની આશાએ મોંઘા બિયારણ- ખાતર ઉધારમાં લાવી ચોમાસુ વાવેતર કર્યું હતું પરંતુ વરસાદ ન થતા વાવેતર મુરઝાવા લાગ્યું હતું જે બાબતે ખેડૂતોની લાગણીને પૂર્વ મંત્રી શંકરભાઇ ચૌધરીએ વાચા આપતા રાજ્ય સરકાર દ્વારા કાંકરેજ તાલુકાના ખોડલા-રામપુરા ગામના ચેકડેમમાંથી પાઈપલાઈન મારફત કાચી સુજલામ સુફલામ નહેરમાં નર્મદાનું પાણી છોડવામાં આવ્યું છે તેથી વાવેતરને જીવતદાન મળવા સાથે ભૂગર્ભ જળ પણ ઊંચકાવાની આશાએ ખેડૂતોમાં ખુશાલી છવાઈ છે.પરંતુ ગઝનીપુર, મુડેઠા અને બુકોલી ગામમાંથી આ કેનાલ પસાર થતી હોવા છતાં ખેડૂતો નર્મદાના નીરથી વંચિત રહી ગયા છે કારણ રેલવે દ્વારા ભીલડી- પાટણ લાઇનના કામ વખતે કેનાલમાં માટી પુરી હંગામી ધોરણે રસ્તો બનાવાયો હતો.જે કામ ક્યારનું પૂરું થઈ ગયું છે અને લાઈન ઉપર

અનુસંધાન પાના નં.૬

## ૧૧૧૧૧૧ છોડની રોપણીથી ચમકેલું જુનાડીસાનું ગૌચર ઉજ્જડ બની ગયું : દબાણોની ભરમાર



### તત્કાલીન કલેક્ટર દ્વારા રોપાયેલ 'રેકોર્ડ બ્રેક' છોડ દેખરેખના ભાવે નષ્ટ થઈ ગયા

ડીસા

'ગ્લોબલ વૉર્મિંગ'ની સમસ્યા થી સમગ્ર વિશ્વ આજે ચિંતિત બન્યું છે જેનાથી પર્યાવરણ સમતુલા જોખમાતા ઋતુ ચક્ર ખોરવાઈ જવા સહિતની વિવિધ આફતો સર્જાઈ છે જેની માનવ જાત ઉપર પણ વિપરીત અસરો વર્તાય છે તેના મૂળમાં આડેધડ થઈ રહેલા વૃક્ષ છેદન જવાબદાર છે. જેને લઈને આજે બનાસકાંઠાના ડીસા પંથકમાં કુદરતનું

અનુસંધાન પાના નં.૬






## સૂર્યોદય - ૬.૦૭ સૂર્યાસ્ત -૭.૦૮

## તિથિદર્શન
શ્રાવણ વદ-૦૬ બુધવાર ૨૦૭૫




વિક્રમ સંવત : ૨૦૭૫, શા.શકે-૧૯૪૧,નામ સંવત્સર :વિકારી નામ વીર જૈનસંવત ૨૫૪૫ શ્રાવણ વદઃછઠ્ઠ બુધવાર નક્ષત્રઃભરણી રાત્રે ૨.૩૬ પછી કૃતીકા યોગઃવૃદ્ધિ કરણઃકૌલવ આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### દુર્જનસ્ય વિશિષ્ટત્વં પરોપદ્રવકારણં વ્યાઘ્રસ્ય ચોપવાસે ન પારણં પશુ મારણં

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય ‘સામાન્ય નીતિ’નો આ શ્લોક છેઃ

‘દુર્જન લોકો સેવાનો પણ કોઈ ‘પ્રોજેક્ટ’ લે તોપણ બીજા, સજ્જન લોકોને તેનાથી ઉપદ્રવ જ થાય છે, જેમ કે વાઘ ઉપવાસનું ‘વ્રત’ રાખે તોપણ જ્યારે પારણું કરે ત્યારે પશુનું જ મારણ કરવામાં આવે છે.’ દુર્જન લોકો જે કંઈ પણ કરે એમાં એમનો હેતુ મેલો હોય છે. પોતાનો સ્વાર્થ તો હોય જ પણ એને કારણે એમના વિરોધીને નુકસાન કે પરેશાની કેમ થાય એ પણ એમનું ઊંડું લક્ષ્ય હોય છે., દા.ત., ગામનો સેવાભાવી - સેવક તરીકે દુર્જન રસ્તા માટે અરજી કરતો હોય પણ એની પાછળ કોઈ ખેડૂતની જમીન કેમ કપાઈ જાય એ જ તેનો હેતુ હોય છે..

અહીં દૃષ્ટાંતમાં ‘વાઘના ઉપવાસ’ની વાત છે. ઉપવાસનો અંત તો કોઈ નિર્દોષ પશુના મારણથી જ આવે, તેમ દુર્જનનું કોઈ પણ કાર્ય સજ્જનના સંતાપનું કારણ બને છે. સજ્જનનો નવરાત્રી ઉત્સવ, આનંદ-ભક્તિ માટે હોય પણ વિદ્યાર્થીઓ અને વૃદ્ધ દર્દી માટે તો એ ખલેલ અને ઉજાગરાનું કારણ બને છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું..**
**વૃષભ : (બ.વ.ઉ.)ભાગીદારીથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.**
**મિથુન : (ક.છ.ઘ.) આર્થિક સમસ્યાનો સામનો કરવો પડે.**
**કર્ક : (ડ.હ.)કાર્યબોજ હળવો બને. નવિન શુભ સમાચાર મળે.**
**સિંહ : (મ.ટ.)પુરૂષાર્થ પછી વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.)મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહિ-પડોશીથી સંઘર્ષ ટાળવો.**
**તુલા : (ર.ત.)વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે.**
**વૃશ્ચિક :(ન.ય.)મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યવસાયિક કાર્યો સફળ થાય.**
**ધન : (ભ.ફ.ધ.)માનસિક ચિંતા રહે. નાણાંભીડ અનુભવાય.**
**મકર : (ખ.જ.)ભાઇ-ભાંડુથી લાભ થાય. નવિન આયોજન કરી શકશો.**
**કુંભ : (ગ.શ.સ.)જમીન-મકાનને લગતા કાર્યોમાં સફળતા મળે. ધન ખર્ચ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ, મન પ્રફુલિત રહે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

મહાન નવલકથાકાર શ્રી લીયો ટોલ્સટોયની જન્મજયંતી છે. તેઓ બાળપણથી ગહન ચિંતનમાં રમમાણ રહે તા હતા. એમનો જન્મ ટોલ્સટોયને ટ્રિન્સેસ મેરી. વોર્લ્ફોન્સ્કી નામના ઉમરાવ દંપતીને ત્યાં થયેલો. જન્મ ૨૦-૮-૧૮૨૮

ફ્રેન્ચ લેખક રૂસોની કૃતિઓનો એમના પર બહુ પ્રભાવ પડેલો.

ઈ.સ. ૧૮૫૩ માં રશિયામાં તેઓ તર્કી સામે પ્રચંડ ઝનૂનથી યુધ્ધમાં લડેલા પરંતુ તે વખતની પ્રત્યક્ષ કત્લખોરીએ તેમને વધુ વિવશ બનાવ્યા, અને તેઓ બંધુત્વની ભાવનાના પ્રખર હિમાયતી બની ગયેલા.

એમની બે મહાન કૃતિઓ ‘આનાકારેતિના’ અને ‘વોર એન્ડ પીસ’ ખૂબ વખણાઈ છે.

સાદગીને વરેલા અને ખેડૂત જેવું જીવન જીવનારા આ ઋષિવર્ય ટોલ્સટોયનું ૨૦-૧૧-૧૯૧૦ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪**
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬
**સુરત ઓફીસઃ-** ઊઁકાર કન્સલટન્સી
દુ.નં.૧, ગ્રાઉન્ડ ફલોર, હેમાલી બીલ્ડીંગ, ખાન સાહેબનો ડેલો, મહીધરપુરા, સુરત. મો.૬૩૫૬૫૫૫૧૦૮

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ગાયત્રી ઉપાસક, ગૌભક્ત, ગૌરવના ગુરૂ શિખર એવા રઘુનાથભાઈ શાસ્ત્રીની ચિર : વિદાય



ઉત્તર ગુજરાતના જયોતિષાચાર્યોનો ઈતિહાસ લખાય ત્યારે રઘુનાથભાઈ શાસ્ત્રીનું નામ પ્રથમ પંક્તિમાં મૂકવું પડે તેવું તેમનું કાર્ય રહ્યું છે. તેઓનો જન્મ બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના જમડા ગામે પિતા ચુનીલાલ દવેને ત્યાં થયેલ. નાનપણથી જ પિતાશ્રીના સંસ્કારોના કારણે તેઓની તેજસ્વિતા જણાઈ આવતી હતી. પ્રાથમિક શિક્ષણ પુરૂ કરીને તેઓને વધુ આગળ અભ્યાસ માટે સિધ્ધપુર મુકામે સંસ્કૃત પાઠશાળામાં મૂકવામાં આવ્યા. તેઓ રહીને પોતાના ગુરૂજીઓના આજ્ઞાકિત વિદ્યાર્થી બની રહ્યા. સિધ્ધપુર શહેરમાં સરસ્વતી નદીને કિનારે દેવશંકર બાપા ગાયત્રીની ઉપાસના કરતા. તેઓ સિધ્ધ પુરૂષ હતા. શાસ્ત્રીજીને તેમની સેવા કરવાનો ઉત્તમ અવસર પ્રાપ્ત થયો. તેઓએ તેમને ગુરૂ માની ખૂબજ ઉત્કૃષ્ટ સેવા કરેલ. તેમણે શાસ્ત્રીજીને શિવ-ગાયત્રીની ઉપાસનાનું સૂચન કરેલ. પાઠશાળામાં તેઓએ જયોતિષશાસ્ત્રનો ગહન અભ્યાસ પૂર્ણ કરીને સંસ્કૃતના પ્રકાંડ મહાપંડીત બની ગુરૂના આશીર્વાદ મેળવીને તેઓએ અમદાવાદ શહેરને કર્મભૂમિ બનાવી. સિધ્ધાંત જ્યોતિષ, અને ખગોળ જ્યોતિષ વિષયમાં પી.એચ.ડી કરી ડૉ અને આચાર્ય પદવી પ્રાપ્ત કરી હતી. સાથે સાથે વ્યાકરણ, સાહિત્ય, મિમાંસા, ધર્મશાસ્ત્ર, આયુર્વેદ અને આગમશાસ્ત્રનું અધ્યયન કરી અમદાવાદમાં સ્થિર થયા બાદ તેમણે જ્યોતિષ વિષયના જાતક ચંદ્રિકા, લઘુપારાશરી, વાસ્તુ શિલ્પશાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેમણે ૪૩ વર્ષ પહેલાં ગાયત્રી પ્રત્યક્ષ પંચાગ નામના પંચાગની ગણિતશુદ્ધ અને ધર્મશાસ્ત્ર ચોકસાઈ સાથે રચના કરી હતી. જેમાં તેમના દ્વારા કરવામાં આવતી રાજકીય અને હવામાનની આગાહીઓ ખુબ જ સચોટ અને અક્ષરશઃ સાચી પડતી હતી. ‘રખેવાળ’ દૈનિક પણ તેનું સાક્ષી હતું. તેઓના પંચાંગમાં આવતી આગાહી કેટલીયવાર ‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ કરેલ. પ્રાચીન જ્યોતિષના વેદાંગ ગ્રંથ ઋગજ્યોતિષનું અધ્યયન કરવા ઉપરાંત તેમણે ૧૯ વર્ષ સુધી દેશવિદેશમાં હિંદુ સંસ્કૃતીનો પ્રચાર કર્યો હતો. રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનરના ડૉકટર તરીકે ઓળખાતા શાસ્ત્રીજીએ દેશવિદેશમાં અનેક દેવપ્રતિષ્ઠાઓ અને યજ્ઞાદિકાર્યો કર્યાં હતાં. જ્યોતિષ શાસ્ત્રના પ્રચાર પ્રસાર માટે જર્મની મ્યુનિક ઈન્ટરનેશલ એસ્ટ્રોનોમી વેધશાળાથી માંડીને લંડન, દુબઈ, ઈઝરાયેલ ખાતે પણ જઈને આ ભારતીય પ્રાચીન વિદ્યાનો પ્રચાર પ્રસાર કરેલ. અખિલ ભારતીય પંચાગ મહાપરિષદના પ્રમુખ અને અમદાવાદ વેધશાળાના ટ્રસ્ટી તરીકે સેવાઓ આપતા શાસ્ત્રીજી લોકકલ્યાણના કાર્યો કરવા ગાયત્રી પંચાગ પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટની રચના કરી અમદાવાદની હોસ્પીટલમાં વિનામુલ્યે ટિફિન સેવા અને સરહદી ગ્રામિણ વિસ્તારોની શાળાઓના જરૂરીયાતમંદ બાળકો અને પરિવારોને શૈક્ષણિક કીટ ઉપરાંત ગરમ અને પહેરવાનાં કપડાંનું પણ દર વર્ષે શિયાળામાં વિતરણ કરતા હતા.

પ.પૂ. જગદ્ગુરૂ શંકરાચાર્ય, ત્રિસ્તુતિક જૈન સંઘના આચાર્ય વિજય શ્રીમદ્ જયંતસેન સુરીશ્વરજી મ. સા., કલિકુંડ તીર્થોધારક પ.પૂ. આચાર્ય વિજય શ્રીમદ્ રાજેન્દ્રસુરી મ.સા., આચાર્ય શ્રી સોમસુંદર મ.સા. આચાર્યશ્રી વિજય ભાનુવિજયજી મ.સા. જેવા અનેક જૈન સાધુઓ, આચાર્ય ભગવંતો સાથે તેઓનો ગહન સંબંધ રહેલ. સાથે બેસીને પંચાગ, મુહુર્તો, તીથીઓ વિશે ગહન છણાવટ કરતા. થરાદ-વાવ જૈન સમાજમાં તેઓનું સ્થાન અદકેરું હતું. જૈન સમાજના દરેક કાર્યમાં તેઓને આમંત્રણ આપવામાં આવતું. થરાદ, વાવના જૈન સમાજમાં સમુહલગ્નો હોય કે પ્રતિષ્ઠા મહોત્સવ હોય શાસ્ત્રીની હાજરી અનિવાર્ય હોય જ. ‘રખેવાળ’ ના તંત્રી મુરબ્બી શ્રી અમૃતલાલ બી. શેઠ સાથે તેઓનો નિકટનો નાતો હતો. જે જીવન પર્યંત ચાલુ જ રહ્યો.

બનાસકાંઠા ૪૨ ગામ (થરાદ, વાવ, દિયોદર) ના પ્રમુખ તરીકે તેઓની સફળ કામગીરી કરેલ. સમાજ માટે પાટણમાં બોર્ડીંગ નિર્માણ કાર્ય અને તેને ચલાવવા માટે તેઓશ્રીએ મહત્ત્મ ફાળો આપેલ. જયારથી પ્રમુખ બન્યા ત્યારથી બોર્ડીંગની તમામ જરૂરીયાતો તેઓ પૂરી પાડતા હતા. ઉપરાંત સમાજના પાંચ સમુહલગ્નોના આયોજક બની તેમના સહયોગથી સફળતા પૂર્વક સંપન્ન કર્યાં હતાં. ગૌમાતા પ્રત્યે અપ્રતિમ ભાવ અને લાગણી ધરાવતા શાસ્ત્રીજીએ ૧૮ વર્ષ પહેલાં લુણાલ મુકામે ગૌશાળા શરૂ કરી હતી. જેમાં આજે પણ ૪૦૦ ગૌમાતાઓની આધુનિક સુવિધાઓ સાથે સેવા કરવામાં આવી રહી છે. માદરે વતન જમડા મુકામેથી ભીન્નમાળ (નરતા) સુધી સંઘ (પદયાત્રા)નું પણ તેઓશ્રી અનેકવાર આયોજન કરેલ. ભીન્નમાળ ખાતે શ્રીમાળી બ્રાહ્મણ સમાજની વાડી, તેમજ નરતા મુકામે તેમની કુળદેવીના ધામમાં ધર્મશાળા બનાવવામાં તેઓએ ઉદાર હાથે દાનની સરવાણી વહાવેલ. અખિલ ભારતીય શ્રીમાળી બ્રાહ્મણ સમાજ સંસ્થા, પુષ્કર દ્વારા શાસ્ત્રીને મહાકવિ માઘ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. પુષ્કર મહાલક્ષ્મી મંદિર તેમજ ધર્મશાળામાં દાનની સરવાણી તેઓએ વહાવેલ. જરૂરીયાતમંદોને દવાખાનામાં ગુપ્તદાન પણ કરતા હતા. આમ તેઓએ અનેક સ્થળોએ ઉદાર હાથે ફાળો આપેલ. સમાજના ‘ભામાશા’ બની દાનવીર તરીકેની છબી ઉપસાવી હતી. ધીરે ધીરે તેઓની સુવાસ ૪૨ ગામ શ્રીમાળી બ્રાહ્મણ સમાજ પુરતી સીમિત ન રહેતાં સમસ્ત શ્રીમાળી બ્રાહ્મણ સમાજ સુધી ફેલાઈ ચૂકી હતી. અમદાવાદ મુકામે ચાલતી શ્રીમાળી બ્રાહ્મણ સમાજની બોર્ડીંગમાં, શ્રીમાળી શુભેચ્છકના કાયમી સભ્ય હતા. તેમજ અમદાવાદમાં સીવીલ હોસ્પિટલ પાછળ બનાવેલ દર્દીઓને રહેવા માટે બનાવેલ અતિથિ ભૂવનમાં યથાયોગ્ય ફાળો આપેલ. શાસ્ત્રીજી એક સામાજિક કાર્યકર હતા. એક એવા સમાજસેવક હતા જેને વૈષ્ણવજન કહી શકાય. નરસિંહ મહેતાની વ્યાખ્યા મુજબ પરપીડા પોતાની સમજી મદદરૂપ થવા તૈયાર થઈ જતા. શાસ્ત્રીજી ‘‘મૂઠી ઊંચેરા માનવી’ હતા. અનેકોના જીવનને સમૃદ્ધ કરવામાં તેમનો અપ્રતિમ ફાળો હતો.

કોઈપણ ગામમાં એના નાગરિકોમાં ગુણગ્રાહિતા અને વિવેકશીલતા હોય તો એણે યોગ્ય વ્યક્તિઓની યોગ્ય કદર કરતા રહેવું જોઈએ. આવી વ્યક્તિઓ ભવિષ્યની પેઢીઓ માટે પ્રેરણારૂપ બની શકે, માર્ગદર્શક બની શકે. ‘‘સર્વજન હિતાય– સર્વજન સુખાય’’ માટે સમર્પિત શ્રી રઘુનાથ શાસ્ત્રીનું સ્મરણ એટલે ‘રણમાં એક મીઠી વીરડી.’ ‘સમય જાય અને સ્મરણ ન ભૂંસાય’ તેવું વ્યક્તિત્વ ધરાવતા અને જીવનને સાર્થક કર્યું તેવા શ્રી રઘુનાથ શાસ્ત્રીને મારા શત્ શત્ વંદન.

ચિનુભાઈ એમ. ત્રિવેદી (કારેલી)

# પાલડી પરૂ શાળામાં વનીકરણ કાર્યક્રમની ઉજવણી

પ્રતિ. મીઠીપાલડી

ગત તા.૧૪/૮/૨૦૧૯ ના રોજ પાલડી પરૂ પ્રા.શાળામાં એક બાળ એક ઝાડ શાળા વનીકરણ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ. જેમાં શાળાના તમામ બાળકો દ્વારા એક બાળ એક ઝાડનું વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા જીવનમાં વૃક્ષોનું મહત્વ અને આપણી શાળા હરિયાળી શાળા આપણું ગામ હરિયાળું ગામ જેવા



વિષયો વિશે જાણકારી આપવામાં આવેલ. તેમજ બાળકોએ વાવેલ વૃક્ષોની જાળવણી ઉછેર વિશે જાણકારી આપેલ હતી.

# નવીભીલડી ખાતે ૧૫ મી ઓગસ્ટની શાનદાર ઉજવણી

ભીલડી

ભીલડી ખાતે આવેલ શ્રી એચ વી વાલાણી હાઈસ્કૂલ ખાતે સંસ્થાના પ્રમુખ માનસુગભાઈ પટેલ દ્વારા ધ્વજવંદન કરવામા કરવામા આવ્યું હતુ તેમજ આદર્શ હાઈસ્કૂલ ભીલડી,ગોગામઢ પ્રાથમિક શાળા,રોટરી સ્કુલ ભીલડી, રેલવે પોલીસ સ્ટેશનભીલડી, સિટી પોલીસ સ્ટેશન મા ધ્વજવંદન ધુમધામથી ઉજવણી કરવામાં આવી હતી શાળાના વિધ્યાર્થીઓ દ્વારા ધ્વજવંદનને સલામી આપી રાષ્ટ્રીય ગીત ગાઇને દેશ પ્રત્યેનો પ્રેમ આદરભાવ સાથ વ્યક્ત કર્યો હતો.

જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અંગ્રેજી હિન્દી અને ગુજરાતીમાં સ્વાતંત્ર દિન વિશેના પોતાના વિચારો રજૂ કર્યા હતા તેમજ અલગ અલગ નૃત્યો તેમજ સંસ્કૃતિ કાયેક્રમ કરી ધૂમધામપૂર્વક સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી તેમજ રક્ષાબંધનનો તહેવાર પણ સાથે હોવાથી ભીલડી પોલીસ સ્ટેશનમાં મહીલા પોલીસ બહેનો દ્વારા પોલીસ ભાઈઓને રાખડીઓ બાધી ને પંદમી ઓગસ્ટ અને રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.

# નારોલી હાઈસ્કૂલમાં સ્વતંત્ર્ય પર્વ નિમિત્તે કાર્યક્રમ યોજાયો

થરાદ

થરાદ તાલુકાના નારોલી મુકામે આવેલ રવિશંકર મહારાજ ઉત્તર બુનિયાદી વિદ્યાલય હાઈસ્કૂલમાં ૧૫ મી ઓગસ્ટ નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમા સ્કૂલના બાળકોએ અલગ અલગ પ્રકારના નાટકો જેવા કે આજના યુગમાં અંધશ્રદ્ધા દૂર થાય તેમજ દેશની રક્ષા કરનાર ફોજી ભાઈઓ જયારે બોર્ડર ઉપર દેશ માટે લડાઈમાં શહીદ થાય ફોજીની માતા તેમજ તેના આખા પરિવાર ઉપર શું શું વીતતી હોય તે નાટક નારોલી હાઈસ્કૂલ બાળકો દ્વારા રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ અલગ અલગ પ્રકારના કાર્યક્રમોમાં ભાગ લીધેલા સ્કૂલના બાળકોને એક થી પાંચ નંબર સુધી ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. નારોલી ગામના ગ્રામજનો સાથ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ભોરડુ પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્યદિન પર્વ ઉજવણી




થરાદ

થરાદ તાલુકાના ભોરડુ ગામની પ્રાથમિક શાળામાં૭૩મા સ્વાતંત્ર્યદિનની હર્ષઉલ્લાસભેર સરપંચ ઉદાભાઈ ચોધરીના હસ્તે ધવજવંદન અને બાળકો દ્વારા રાષ્ટ્રીગીત પ્રભાતફેરી દેશભક્તિના ગીતો રંગબેરંગી સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમસ્ત ગ્રામજનો,આગેવાનો, વડીલો અને યુવાન મિત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આકાર્યક્રમને સફળ બનાવવા માં શાળાના આચાર્ય ગગેશભાઈ જોશી શાળાના તમામ શિક્ષક સ્ટાફગણ તથા એસ.એમ.સી સભ્યોનો મહત્વનોફાળો રહ્યો હતો.

# ભાભરની આનંદ પ્રકાશ વિધાલયમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો



ભાભર

ભાભર ખાતે આવેલ શ્રી આનંદ પ્રકાશ વિધાલયમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્કૂલના છાત્રો અને શિક્ષકોએ ૧૫ મી ઓગસ્ટ ને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. સ્કૂલના મેદાનમાં ધ્વજ ફરકાવ્યો હતો અને તિરંગાને સલામી આપી રાષ્ટ ગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને ૧૫ મી ઓગસ્ટની ઉજવણી કરવામાં આવી હતી.જેમા સ્કૂલના સંચાલકો હાજર રહ્યા હતા.

# ભોરડુ પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી



થરાદ

થરાદ તાલુકાના ભોરડુ ગામની પ્રાથમિક શાળામાં તા.૧૪/૦૮/૨૦૧૯ના રોજ હર્ષઉલ્લાસભેર રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામા આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના આચાર્ય ગગેશભાઈ જોશી, શાળાના તમામ શિક્ષક સ્ટાફગણ તથા એસ.એમ.સી સભ્યોએ મહત્વનો ફાળો આપી સોનો આભાર માન્યો હતો.

# થરા નચીકેતા સંસ્કારધામ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો




પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં વેપારી મથક થરામાં થરા-ભાભર રોડ પર આવેલ શ્રી નચીકેતા સંસ્કારધામમાં વહેલી સવારે ગામના મુખ્ય માર્ગો પર વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો દ્વારા પ્રભાતફેરી યોજી સવારે ૮.૩૦ કલાકે ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ ડીરેકટર અચરતલાલ એસ. ઠક્કરના વરદ હસ્તે સૌ પ્રથમ રાષ્ટ્ર ધ્વજ ફરકાવી સલામી આપી રાષ્ટ્રગાન કરાયું હતું. પછી મા સરસ્વતીની વંદના કરી ત્યારબાદ શાળાના બાળકો દ્વારા વિવિધ કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. પધારેલ મહેમાનોનું સ્વામી વિવેકાનંદની છબી આપી નચીકેતા સંસ્કારધામ પરિવારે સન્માન કરેલ. થરા તેમજ આજુબાજુ ગામના વડીલો યુવાનો, આગેવાનો વગેરે વિશાળ સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરી હતી.

આ પ્રસંગે અચરતલાલ ઠક્કર, દાનાભાઈ પટેલ, ઈશ્વરભાઈ (આર્મીજવાન)કનુભાઈ એમ. પ્રજાપતિ, સંચાલક નટવરભાઈ પટેલ, ઉપપ્રમુખ પ્રકાશભાઈ પટેલ, બાબુભાઈ પટેલ (ભૂમિદાતા) નરેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ, નટવરભાઈ એસ.ગજ્જર (આચાર્ય), અમૃજી ઠાકોર (દીવ્ય ભાસ્કર), નટુભાઈ કે. પ્રજાપતિ હાજર રહેલ.

# ચિ.હં.દોશી પે.કેન્દ્ર શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો



ડીસા

ડીસા શહેરના મધ્યમાં સ્થિત ચિ.હં.દોશી પે કેન્દ્ર શાળામાં દાતા જિજ્ઞેશભાઈ સોનીના પિતા શંકરલાલ સોનીના વરદ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વાલીઓ, મહેમાનો, સ્ટાફગણ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા. આ ઉપરાંત મહોબતભાઈ ખોખર (નિવૃત શિક્ષક), ભૂરાભાઈ માળી (પકવાન), જિતેન્દ્રભાઈ સોની, મહેન્દ્રભાઈ પંચાલ (રોટેરીયન), નાથાલાલ બ્રહ્મક્ષત્રીય, અર્જુનભાઈ માળી, જિજ્ઞેશભાઈ સોનીના પરિવારજનો તેમજ કાંતિલાલ જોષી, અબ્દુલભાઈ બળદેવભાઈ કાપડી તેમજ ભરતભાઈ કાપડી તેમજ આમંત્રીત અન્ય મહેમાનો ખાસ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આચાર્ય પ્રવીણભાઈ સાધુ દ્વારા સ્વાગત તેમજ પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું. ત્યારબાદ દેશભક્તિના માહોલમાં ધો.૧ થી ૮ ના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા.

શાળાના નિવૃત શિક્ષિકા સરોજબેન પટેલ દ્વારા ગત વર્ષે ધો.૧ થી ૮ માં પ્રથમ આવનાર તમામ બાળકોને ઈનામનું વિતરણ મહેમાનો હસ્તે કરવામાં આવ્યું. દાતા ભુરાભાઈ માળી (પકવાન) દ્વારા તમામ બાળકોને બટાટાપૌંઆનો નાસ્તો આપવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાવિકાબેન દવે દ્વારા કરવામાં આવ્યું. ચંદુલાલ મોદી (એ.ટી.ડી.) દ્વારા તૈયાર કરવામાં આવેલ બાળ ગાંધીજી સૌનું આકર્ષણ બન્યા હતા. આભારવિધિ ઈશ્વરભાઈ પંચાલ દ્વારા કરવામાં આવી.

# લાલપુર જુના વાસ પ્રા. શાળા...



લાખણી તાલુકાની લાલપુર જુના વાસ પ્રાથમિક શાળામાં સરપંચ તલાજી અરજણજી મકવાણાના વરદ હસતે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો હતો જેમાં ભારત માતાના જયજયકારથી વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું સરપંચ અને આચાર્યે તિરંગાને સલામી અર્પી સ્વચ્છતા અને જળ સંચય ઉપર ભાર મુક્યો હતો. રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં મોટી સંખ્યામાં ગ્રામજનો સહભાગી થયા હતા.

# પૂર્વ પ્રમુખનું સન્માન




જીલ્લા પંચાયત બનાસકાંઠાના પુર્વ પ્રમુખ વિજયભાઈ ચક્રવર્તીએ વડગામ તાલુકાની મુલાકાત લેતાં મેગાળના વતની નિવૃત્ત તલાટી રામજીભાઈ કરણે વિશિષ્ટ સન્માન કર્યું હતું

## શ્રાવણ સત્સંગ

# બ્રહસ્પતિશ્વરની સ્થાપનાની કથા

**અંગિરા નામના એક ઋષિ થઈ ગયા તે બ્રહ્માજીના માનસ પુત્ર હતા. આ અંગિરા ઋષિને ત્યાં આંગિરસ નામના એક પુત્ર થયા. તે નાનપણથી ખુબ જ બુધ્ધિશાળી તેમજ વિદ્વાન હતા. તેમણે બધા જ શાસ્ત્રો, વેદોના જ્ઞાનની પ્રાપ્તિ પણ કરેલી. એટલું જ નહી તે દેખાવે પણ સુંદર, તેજસ્વી, ગુણવાન તથા શીલવાન હતા. તેમના આરાધ્ય દેવ ભગવાન શંકર હતા.**

**તેમણે ભગવાન શંકરને પ્રસન્ન કરવા માટે તપ કરવાનું નક્કી કર્યું. તેથી તેઓ પવિત્ર કાશીમાં ગયા ત્યાં શિવલિંગની સ્થાપના કરી અને ઘોર તપસ્યા તેમણે શરૂ કરી દીધી. આમને આમ તપ કરતાં દસ હજાર વર્ષ વિતિ ગયા આંગિરસના ઉગ્ર તપથી સાક્ષાત મહાદેવજી લિંગમાંથી પ્રગટ થયા. તેમણે આંગિરસને કહ્યું, ‘‘ બેટા, હું તારા ઉગ્ર તપથી પ્રસન્ન થય છું. માટે તું તારા મનને ગમતું વરદાન માંગ.’’**

**સાક્ષાત શિવજીને પ્રગટ થયેલા જોઈ આંગિરસને અત્યંત આનંદ થયો તેમણે બે હાથ જોડી અને શિવજીની સ્તુતિ કરવા માંડી ‘‘ હે મહાદેવજી આપ ત્રિગુણાતીત, જન્મ-મરણથી રહિત, ભક્તોનાચ ઉદ્ધાર કરનારા અને શરણે આવેલાઓનું રક્ષણ કરનાર છો. આપના તજોમય સ્વરૂપના દર્શન માત્રથી હું કૃત કૃત્ય થઈ ગયો છું. મારી બધી જ મનોકામના પૂર્ણ થઈ ગયેલ છે. મને કંઈ જ નથી જોઈતું.’’ ત્યાર પછી તો તેણે ખુબ જ શ્રધ્ધા અને ભક્તિ સાથે ગદ્ગદિત થઈ એમણે શિવજીની સ્તુતિ કરી. આ સ્તુતિ સાંભળી શિવજી ખુબ જ પ્રસન્ન થયા. તેમણે અનેક પ્રકારના વચનો આંગિરસને આપ્યા તેમજ કહ્યું, ‘‘ આંગિરસ તેં ખુબ જ તપ કર્યુંછે અને તે પણ નિષ્કામ રીતે કર્યું છે. આથી હું ખુબ જ પ્રસન્ન થયો છું. માટે જ હવેથી તું ઈન્દ્ર આદી દેવો અને ગ્રહોમાં પુજ્ય થઈશ.**

**આજથી તું જગતમાં ‘‘બ્રહસ્પતિ’’ તરીકે પ્રસિધ્ધ થઈશ. વળી, તું ખુબ જ વિદ્વાન અને સારો વક્તા છે તેથી તારુ નામ ‘‘વાચસ્પતિ’’ પણ કહેવાશે. મને પ્રસન્ન કરવા માટે અહીંતે શિવલિંગની સ્થાપના કરી છે. તે જગતમાં ‘‘બ્રહસ્પતિશ્વર’’ ના નામથી પ્રસિધ્ધ થશે. આ લિંગની જે મનુષ્ય પુજા કરશે કે તે રચેલી સ્તુતિનો પાઠ કરશે તેને મનોવાંદિત ફળની પ્રાપ્તિ થશે અનેસાથે સાથે ગ્રહ જન્ય કોઈ બાધા કે પીડા રહેશે નહીં.’’**

**આમ શિવજીએ આંગિરસને વરદાન આપી ત્યાર પછી ઈન્દ્ર, બ્રહ્માજી સહિત સર્વે દેવતાઓને બોલાવી તેમની વચ્ચે બ્રહ્માજીએ આજ્ઞા કરી, ‘‘ આ આંગિરસને દેવોના આચાર્ય બનાવી દો. આજથી તેને સૌએ ‘‘બ્રહસ્પતિ’’ તરીકે ઓળખવાનું રહેશે. એ સમયે જ બ્રહ્માજીએ તેમને દેવચાર્ય પદ પર નિયુક્ત કર્યા. શિવજીની ભક્તિથી તેમણે મહાન પદની પ્રાપ્તિ કરી નવગ્રહમાં સ્થાન પ્રાપ્ત કરી ભારે પ્રતિષ્ઠા મેળવી.**

- કનકચંદ્ર વ્યાસ

# થરાદના અરંટવાની સગીરાની એકલતાનો લાભ લઇને દુષ્કર્મ

### રસ્તામાં મળેલા અછવાડાના હવસખોરે બળજબરી કરતાં ફીટકાર

પ્રતિનિધિ થરાદ

થરાદના અરંટવા ગામની એક સગીરાનો એકલતાનો ફાયદો ઉઠાવી અછવાડાના એક હવસખોરે તેની સાથે બળજબરી પુર્વક દુષ્કર્મ આચરતાં ફીટકારની લાગણી પ્રસરી જવા પામી હતી. પોલીસે શખસની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસસુત્રોએ જણાવ્યું હતુ કે થરાદ તાલુકાના અરંટવા ગામની એક સગીરા ગત ૧૧/૦૮/૨૦૧૯ના બપોરના ત્રણ વાગ્યાના સુમારે પોતાની ગાયો વાળીને લઈને રસ્તામાં આવી રહી હતી. દરમ્યાન રસ્તામાં મળેલા તાલુકાના અછવાડા ગામના અમરતભાઇ ભગવાનભાઇ પ્રજાપતિ નામના હવસખોરે તેણીની એકલતાનો ફાયદો ઉઠાવવા આંતરી હતી. અને બળજબરીપુર્વક નજીકની ઝાડીમાં ખેચી લઇ જઇ તેણીની મરજી વિરુધ્ધ દુષ્કર્મ આચર્યું હતું. અને ત્યાર બાદ કોઇને વાત કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે સગીરાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે હવસખોર સામે ગુનો દાખલ કરી તેની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવથી પંથકમાં ફિટકારની લાગણી પ્રસરી જવા પામી હતી.

# કુવાણા ગામના પરા વિસ્તારના રહીશોએ રોડ માટે આવેદનપત્ર આપ્યું

### અમરપુરા પ્રાથમિક શાળથી કસળપુરા સુધીનો પાકો રોડ બનાવવા માંગ


નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

ગુજરાત રાજ્યના ગામડાઓમાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે રોડ- પાણી અને આરોગ્ય મળી રહે તેના માટે સંવેદનશીલ સરકાર કટિબદ્ધ છે.પરંતુ ક્યાંક કોઈકની કચાસના કારણે આવી પ્રાથમિક જરૂરિયાતો માટે લોકોએ લાંબા સમય સુધી માગણીઓ કરવી પડતી હોય છે અને જે ગુજરાત સરકાર માટે અશોભનીય છે ત્યારે લાખણી તાલુકાના કુવાણા ગામના પરા વિસ્તારના અમરપુરા પ્રાથમિક શાળાથી કસળપુરા સુધીનો બે કિલોમીટરનો પાકો રોડ બનાવવા માટે પરા વિસ્તારના રહીશોની માગણી છે.અમરપુરા વિસ્તારના ખેતરોમાં આ વિસ્તાર છે આ વિસ્તારમાં આશરે ૭૦૦ જેટલા લોકો વસવાટ કરે છે અમરપુરા પ્રાથમિક શાળા પણ આવેલ છે અમરપુરા પ્રાથમિક શાળા થી કસળપુરા સુધી જવા માટે કાચો માર્ગ છે ધૂળિયો છે અને અમુક જગ્યાએ મોટા મોટા ખાડા પડી ગયેલા છે શાળામાં ભણતા વિદ્યાર્થીઓને આવવા-જવા માટે ખૂબ હેરાનગતિ થાય છે અમરપુરા પ્રાથમિક શાળામાં એક થી પાંચ ધોરણ છે ને વધુ અભ્યાસ માટે આ વિસ્તારના બાળકોને કસળપુરા સુધી ચાલીને જવું પડે છે વળી આ વિસ્તારના લોકોને ગામમાં દૂધ ભરાવા માટે તેમજ ઘરવપરાશની સાધન સામગ્રી લેવા માટે પણ કસળપુરા જવું પડે છે આ રસ્તો તૂટી જવાથી સાધનની અવરજવર બંધ થઈ જાય છે લોકો ગાડી બાઈક ટ્રેક્ટર લઈને આ રસ્તા ઉપર જઈ શકતા નથી. ચોમાસામાં ખૂબ મોટી હાલાકીનો સામનો આ વિસ્તારના લોકો કરી રહ્યા છે.

અનુસંધાન પાના નં.૬

# પુનમાજીની ઢાંણી પ્રા.શાળાના જતા રસ્તા ઉપર પાણી ભરાવાને લઈ વાલીઓ આક્રમક મુડમાં

### રસ્તાનો યોગ્ય નિકાલ ન આવે તો શાળાને તાળાબંધી કરવાની ચીમકી


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવલ

ડીસા તાલુકાના વડાવળ પાટિયાથી બે કિલોમીટર અંદર આવેલી પુનમાજીની ઢાણી પ્રાથમિક શાળાના જતા રસ્તા ઉપર મસમોટા ખાડાઓ પડી જતા વરસાદી પાણીનો ભરાવો થતાં શાળાએ જતા વિદ્યાર્થીઓ અને રાહદારીઓ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.જેને લઇ વાલીઓ પણ આક્રમક મૂડમાં જોવા મળી રહ્યા છે.આજરોજ શાળાઓમાં વાલીઓ ભેગા થયા હતા અને આગામી સમયમાં આ રસ્તા નો કોઈ યોગ્ય નિકાલ નહી આવે તો શાળાને તાળાબંધી કરવાની પણ ચીમકી ઉચ્ચારી હતી.

શાળાના જતા રસ્તા ઉપર પાણીના ખાડા ભરાઈ જવાથી આ વિસ્તારના રહીશોએ અનેકવાર રજૂઆતો કરવા છતાં આજ દિન સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.આ વિસ્તાર રેવન્યુની દ્રષ્ટિએ વડાવળ ગ્રામ પંચાયતમાં આવે છે જ્યારે તે વિસ્તારના રહીશોનું મતદાન માલગઢ ગ્રામ પંચાયતમાં આવતુ હોવાથી રસ્તાની હાલત ખુબ જ ખરાબ થઈ છે.

આ બાબતે આજરોજ મીડિયા સમક્ષ શિક્ષકો વિદ્યાર્થીઓ અને વાલીઓએ પણ પોતાનો બળાપો કાઢતા જણાવ્યું હતું કે ચોમાસાની સિઝનમાં આ રસ્તા પરથી ચાલવું પણ ખૂબ જ મુશ્કેલ ભર્યું છે જેથી સત્વરે લાગતા વળગતા તંત્ર દ્વારા આ રસ્તાને કાયમી ઉકેલ લાવે તેવી માંગ કરી હતી.

# થરાદની મુખ્ય બજારમાં નંદીને બસ ચાલકે અડફેટે લેતાં ઈજા


(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

થરાદમાં મંગળવારની સવારના સુમારે એક બસના ચાલકે ગફલતભર્યું ડ્રાઈવિંગ કરી એક નંદીને અડફેટે લઇ ઈજા પહોંચાડતાં જીવદયાપ્રેમીઓએ દોડી આવી તેની સારવાર કરાવી હતી. મંગળવારની સવારના સુમારે ગૌરવપથ પર થીરપાલ ધરું પરમારની પ્રતિમા પાસે એક બસ ચાલકે નંદીને અડફેટે લેતા નંદી ગંભીર રીતે ઘવાયો હતો. આથી લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે એકઠાં થઈને જીવદયા પ્રેમીને જાણ કરતાં કનાભાઈ રાજપુત અને પ્રતાપસિંહ.રાજપુત દોડી આવ્યા હતા. જેમના દ્વારા જલારામ ગૌશાળાની એમ્બ્યુલન્સને જાણ કરાતાં ટીમે દોડી આવી નંદીને સારવાર કરી હતી. શ્રાવણમાસમાં બસ ચાલકે નંદીને અડફેટે લેતાં બસચાલક સામે જીવદયા પ્રેમીઓ રોષ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

# અંબાજીમાં ભારે વરસાદના પગલે જીવંત બનેલ તળાવ સુકાયું

### લીકેજના કારણે પાણી વહી જતાં આસપાસના વિસ્તારોમાં ભરાયું



પ્રતિનિધિ અંબાજી

યાત્રાધામ અંબાજીમાં ગાયબ થયેલા પાંચ તળાવોમાંથી એક તળાવ આજે ફરી જીવંત મળી આવ્યું છે.જેમાં અંબાજી પંથકમાં પડેલા ભારે વરસાદના પગલે ભરાઈ જતા તળાવ ફરી જીવંત બન્યું છે પણ આજુબાજુના દબાણદારોના કારણે સાંકડું થઇ ગયું છે.જોકે આ તળાવ ભરાઈ જતા લીકેજ થઈ જતા તળાવનું મોટાભાગનું પાણી વહી જતા અન્ય બે ખાનગી પ્લોટોમાં તળાવ સર્જાયા છે ને આ નીકળેલા પાણીથી બંધાઈ રહેલી નવી બિલ્ડીંગમાં પણ પાણી ફરી વળ્યાં છે.જેના કારણે બિલ્ડીંગ માલિકોને મોટી નુકશાની ભોગવાનો વારો આવ્યો છે. એટલુંજ નહીં હાલમાં વરસાદનું જોર ઘટતા ખાનગી પ્લોટોમાં જ પાણી ભરાયા છે.જો વધુ વરસાદ આવે તો કેટલાક રહેણાંકોમાં પાણી ઘુસી શકે છે.હાલમાં પણ આ ભરાયેલા પાણીના કિનારે જે ઈમારતો ઉભી છે. તેના પાયા કાચા પડવાની ભીતિના પગલે આગામી સમયમાં આ ઉભેલા મકાનોને પણ નુકશાન થવાનો ડર અહીના રહેણાંક વાસીઓને સતાવી રહ્યો છે.જોકે આ મામલે ગ્રામ પંચાયતના સેક્રેટરીનું કહેવું છે કે આ તળાવ પંચાયતનું છે જેમાં ભરાતા પાણીના કારણે હેંડપંપને કુવા રિચાર્જ થાય છે પણ કોઈએ આ તળાવ ઓવર ફ્લો થતા લીકેજ થતા તેનું વહી જતુ પાણી નવા બનાયેલા નાળામાં વાળવાનો પ્રયાસ કરાયો છે.જેથી અન્ય કોઈ મોટી ખુવારી સર્જવાનો ભય રહેતો નથી.

# આબુ તળેટીથી મા.આબુની વિશ્વની પ્રથમ ઈકો ફ્રેન્ડલી હાફ મેરેથોન દોડ

### વિશ્વના ૨૫૦૦ દોડવીરોએ ભાગ લીધો : કેન્યાના એરેડાએ પ્રથમ સ્થાન મેળવ્યું



ડીસા

આંતરરાષ્ટ્રિય અધ્યાત્મ સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના પૂર્વ વડા ડો.દાદી પ્રકાશ મણીજીની ૧૨ મી પૂણ્ય તિથિ નિમિતે આબુ તળેટી શાંતિવનથી મા.આબુ ઓમ શાંતિ ભવનની ૨૧ કી.મી.ની ભવ્ય હાફ મેરેથોન દોડ યોજાઈ જેમાં વિશ્વના ૨૫૦૦ દોડવેરોએ ભાગ લીધો હતો.

બ્રહ્માકુમારીઝના શશીકાન્ત ત્રિવેદી (મિડીયા)ના જણાવ્યાનુસાર વિશ્વમાં પ્રથમ શાંતિ - સદભાવ અને ભાતૃભાવના હેતુ યોજાયેલ હાફ મેરેથોનમાં વિશ્વભરના વિશેષ ભારતના ૮ થી ૮૦ વર્ષ સુધીના બાળ - યુવા - વૃધ્ધ મહિલા અને પુરૂષોએ ઉત્સાહભેર ભાગ લીધો, બ્રહ્મુમારીઝના આબુ તળેટી સ્થિત મનમોહિની નગરથી સવારે ૬ કલાકે સંસ્થાના સેક્રેટરી મૃત્યુજયભાઈ, ગુજરાતિ અભિનેત્રી પલ્લવી પાટીલ અને દાદી રતનમોહિનીજીએ લીલીઝંડી બતાવી મા.આબુની ૨૧ કી.મી.દોડ માટે રાજયોગા બાદ પ્રસ્થાન કરાવેલ. જમીનથી આસમાનની ઉંચાઈ સુધી પ્રાકૃતિક સૌંદર્ય અને ઝરણાઓ વચ્ચે કુદરતના સાનિધ્યમાં દોડવીરોની ઉર્જાને હજારો માનવ મેદનીએ વધાવેલ.

મા.આબુના ઓમ શાંતિ ભવન ખાતે કેન્યાદેશનો રમતવીર એરેડા બેશહુ ૧ કલાક ૧૯ મિનિટ ૪૮ સેકન્ડમાં પહોચતાં પ્રથમ સ્થાને આવેલ જયારે કેન્યાના જીનેક એડેકે દ્વિતિય અને યુપીની મહિલા અર્પિતા સૈની મહીલા પ્રભાગમાં પ્રથમ આવેલ અન્ય ભારતિય દોડવીરોએ બાકીના પ્રાઈઝ મેળવેલ સીનીયર સીટીઝનમાં દિલ્હીના ૮૦ વર્ષિય

અનુસંધાન પાના નં.૬

# વાવની અખંડ મેઘવાળ સમાજની સંસ્થામાં દાન

(તા.પ્રતિનિધિ) વાવ

વાવના રાવળા રોડ પર બની રહેલી શ્રી સમસ્ત અખંડ મેઘવાળ સમાજના શૈક્ષણિક સંકુલના બાંધકામ મેઘવાળ સમાજમાંથી ઉદાર હાથે ફાળો આવી રહ્યો છે ત્યારે વાવ શહેરના નવાવાસના રહીશ વેણ રામસીભાઈ જોધાભાઈએ તેમના સ્વ.પુત્ર સેંધાભાઈ રામસીભાઈ વેણના સ્મરણાર્થે શૈક્ષણિક સંકુલના બાંધકામ માટે રૂા. ૫,૧૧,૦૦૦ (પાંચ લાખ અગિયાર હજાર) ની માતબર રકમનું દાન આપ્યુ હતું. જે પ્રસંગે બહોળી સંખ્યામાં મેઘવાળ સમાજના અગ્રણી મિત્રો તેમજ શ્રી અખંડ મેઘવાળ સમાજના ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહ્યો હતો.

# જિલ્લા પોલીસ એડવાઈઝરી કમીટીમાં નિમણુક



પ્રતિનિધિ અંબાજી

અંબાજીના વરિષ્ઠ પત્રકાર અને સમાજ સેવક એવા મહેન્દ્રભાઈ એલ. અગ્રવાલની બનાસકાંઠા જિલ્લા પોલીસ એડવાઈઝરી કમીટીના મેમ્બર તરીકે રાજ્યના ગૃહ વિભાગ દ્વારા નિમણુક કરવામાં આવી છે. તેઓએ અંબાજી નગર સહીત અગ્રવાલ સમાજનુ ગૌરવ વધ્યાર્યુ છે.૧૯૮૪માં જ્યારે રખેવાળ સાપ્તાહિક દૈનિક સ્વરૂપે પ્રસિદ્ધ થયું ત્યારથી રખેવાળ દૈનિક સાથે સતત પત્રકારત્વ ક્ષેત્રે જોડાયેલા મહેન્દ્રભાઈ અગ્રવાલ જયારે સફળતાના શિખર સર કરી રહ્યા છે ત્યારે રખેવાળ દૈનિક તેમને ખુબ ખુબ શુભેચ્છા પાઠવે છે.

# જૈન જાગૃતિ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું



### ધોરણ એક થી ૧૨ ધોરણ સુધી બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા

ડીસા

જૈન જાગૃતિ ટ્રસ્ટ છેલ્લા ઘણા વર્ષોથી જૈન દીકરા દીકરી ઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરે છે ત્યારે ગઈકાલ રાત્રે લાયન્સ ક્લબ માં ધોરણ ૧ થી ૧૨ ના દીકરા દીકરીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા તેમાં મોટી સંખ્યામાં જૈન ભાઈઓ-બહેનો ડીસા જૈન સંઘ ના ટ્રસ્ટીઓ અને મહાવીર સંગઠન ના સભ્યો વગેરે હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# નવી ભીલડી ખાતે નાગ પંચમીની ઉજવણી


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

નવી ભીલડી મુકામે નાગ પંચમીની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં શાસ્ત્રોક્ત રીતે નવી ભીલડીના શિવ મંદિર ખાતે નવીન ધજાનું પૂજન કરવામાં આવ્યું અને તે જ તેની શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. ત્યારબાદ ગોગા મઢ વિસ્તારમાં આવેલ ગોગ મહારાજનાં મંદિર ખાતે તેને વધાવી અને નવીન ધજરોપણ કરવામાં આવ્યી હતી. ત્યારબાદ ગોગા મહારાજના મંદિરમાં શ્રી સત્યનારાણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં કથાના મુખ્ય યજમાન તરીકે શૈલેષભાઈ સોનીએ લાભ લીધો હતો અને ગોગા મહારાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું.આ પ્રસંગમાં મોટા પ્રમાણમાં ધર્મ પ્રેમી પ્રજાએ લાભ લીધો અને આજના દિવસે દાતાઓ પણ ખુબ જ હર્ષોલ્લાસ અને શ્રદ્ધા સાથે નાગપાંચમનો તહેવાર ઉજવ્યો હતા.

# ધાનેરાના મહેસુલી કર્મચારીઓનો કાળી પટ્ટી ધારણ કરી વિરોધ


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

સરકાર દ્વારા મહેસુલી કર્મચારીઓની જૂની માંગણીઓ ન સંતોષાતાં તા. ૧૯-૮-૧૯ થી તમામ કર્મચારીઓએ સળંગ ત્રણ દિવસ સુધી સવારે ૧૦-૩૦ થી ૬-૧૦ સીુધી કચેરી કામગીરી સમય દરમ્યાન કાળી પટ્ટી ધારણ કરી સરકારશ્રી સામે વિરોધ દર્શાવી કામગીરી કરતા હતા તેઓ સરકારથી નારાજ છે. આ બાબતે મોડસીંગ દરબારે જણાવેલ કે પડતર પ્રશ્નો પ્રમોશન, કલાર્કને પ્રમોશન વિગેરે પ્રશ્નો માટે અમોએ કાળી પટ્ટી ત્રણ દિવસ માટે ધારણ કરી વિરોધ નોંધાવેલ છે.

# પાલનપુરમાં વર્ષમાં માત્ર બે વાર જ ખુલતું શ્રી નાગણેજી માતાનું મંદિર


સંજય જોષી

### નાગપંચમ નિમિત્તે શ્રી નાગણેચી માતાના મંદિરે ઉમટ્યું ભક્તિનું ઘોડાપુર

પાલનપુર

પાલનપુર નવાબે બંધાવેલું સર્વધર્મ સમભાવના પ્રતીક સમું ચમત્કારિક શ્રી નાગણેજી માતાનું મંદિર નાગ પંચમી નિમિત્તે શ્રદ્ધાળુઓ માટે ખુલ્લું મુકાયું હતું. વર્ષમાં માત્ર બે વાર જ ખુલતા શ્રી નાગણેજી માતાના મંદિરે આજે ભાવિક ભક્તોની ભારે ભીડ જામી હતી.

નાગપાંચમના તહેવાર નિમિત્તે પાલનપુરની રાજગઢી ખાતે આવેલા કોમી એકતાના પ્રતીક સમા શ્રી નાગણેજી માતાના મંદિરને દર્શનાર્થીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જેનો ભાવિક ભક્તોએ લાભ લઇ શ્રી નાગણેજી માતાની પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. પાલનપુર નવાબની રાજપૂત રાણીના દાયજામાં શ્રી નાગણેજી માતા આવ્યા હતા. જોકે, પાલનપુર નવાબે આજથી ૩૦૦ વર્ષ પૂર્વે બંધાવેલું શ્રી નાગણેજી માતાનું મંદિર, નાગપાંચમ અને નવરાત્રી આઠમ સહીત વર્ષમાં માત્ર બે વખત જ ખુલે છે.

આ ચમત્કારી મંદિર માં બિરાજેલા નાગણેજી માતા ઉપર લોકોની ભારે શ્રદ્ધા છે.અહીં માતાજીના દર્શન કરવા માટે દૂર - દૂર થી ભક્તો આવે છે અને નાગણેજી માતાના દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

અનુસંધાન પાના નં.૬

# આજે ગાયત્રી ગૌશાળામાં સ્વર્ગીય શાસ્ત્રીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરાશે


(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠા થરાદ, વાવ, દિયોદર ૪૨ ગામ શ્રીમાળી બ્રાહ્મણ સમાજના પ્રમુખ અને ગાયત્રી પંચાગના રચયિતા જ્યોતિષ વિભુષણ રત્ન એવા શાસ્ત્રી રઘુનાથ ચુનીલાલ દવેનું ગત રવિવારે અવસાન થવા પામ્યું હતું. મંગળવારે તેમનું બેસણું અમદાવાદ મુકામે યોજાયું હતું. જ્યારે બુધવારે થરાદના જમડા લુણાલ રોડ ઉપર આવેલી ગાયત્રી ગૌસેવા ધામ ખાતે સમાજ અને સ્થાનિકો માટે બેસણું યોજાશે. રવિવારે શાસ્ત્રીજી સ્વર્ગવાસી થતાં તેમના નશ્વર દેહને અંતિમ સંસ્કાર માટે તેમની અંતિમ ઇચ્છા મુજબ ગાયત્રી ગૌસેવા ધામ ખાતે લવાયો હતો. જયાં બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલ તથા શાસત્રીજીના જમડા, થરાદ અને અન્યત્ર સ્થાયી પરિવારજનો અને બહોળી સંખ્યામાં શુભેચ્છકો તેમના અંતિમ દર્શનાર્થે અને અંતિમયાત્રામાં ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ પરબતભાઇ પટેલે શાસ્ત્રીજીના પરિવારને સાંત્વના આપતા ઉમેર્યું હતું કે પરિવાર અને સમાજની સાથે સાથે દેશ અને દુનિયાને પણ એક વિરલ જ્યોતિષરત્નની ખોટ પડી છે જેને પુરવી અશક્ય છે. જ્યારે શ્રીમાળી બ્રાહ્મણ સમાજના વડીલ દેવશંકરભાઈ દવે (ઇઢાટા)એ શાસ્ત્રીજીની પરિવાર જ નહી પરંતુ આમ આદમી પ્રત્યેની લાગણીઓને બિરદાવી, સમાજે પણ એક અમુલ્ય રત્ન ગુમાવ્યું હોવાનો વસવસો વ્યક્ત કર્યો હતો.

# જિલ્લાભરમાં નાગ પાંચમની શ્રદ્ધાપૂર્વક ઉજવણી


નરસિંહ દેસાઈ

### વિવિધ નાગદેવતાના મંદિરોમાં લોકો દર્શન કરવા ઉમટી પડ્યા

પ્રતિનિધિ વડાવલ

આ કળિયુગમાં પૃથ્વી પરનો સાક્ષાત દેવ નાગદેવની તિથિ એટલે શ્રાવણ વદ પાંચમના દિવસે ઉજવવામાં આવે છે ડીસા સહિત જિલ્લાભરમાં નાગ પંચમી ના તહેવારને લઇ વિવિધ નાગદેવતાના મંદિરોમાં વહેલી સવારથી જ લોકો દર્શન કરવા ઉમટી પડ્યા હતા.

શ્રાવણ માસમાં આવતા સળંગ પર્વોનું પ્રથમ પર્વ નાગ પાંચમને લઈ જિલ્લાભરમાં ધાર્મિક માહોલ છવાયો હતો. જિલ્લાભરમાં અનેક ઐતિહાસિક નાગદેવના મંદિરો આવેલા છે.જ્યાં મેળાનો માહોલ પણ જામ્યો હતો.

નાગપંચમીના તહેવારે લઈ મંદિરોને શણગારવામાં આવ્યા હતા આ ઉપરાંત મંદિરોમાં મહા આરતી મહાપુજા તથા યજ્ઞ (હવન) તથા પ્રસાદ સહિતનું પણ આયોજન થયું હતું.ડીસા તાલુકામાં પણ આવેલા અનેક ગોગા મહારાજના મંદિરોમાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુ ભક્તો ગોગા મહારાજના દર્શન સાથે પૂજન-અર્ચન કરી ભક્તિ ભાવસભર રીતે નાગપંચમીની ઉજવણી કરી હતી.

# સૈંભર ગોગ મહારાજ તિર્થ સ્થાને ભાવિકોનું ઘોડાપુર


પુષ્કર ગોસ્વામી

### ભાતીગળ લોકમેળો ભરાયો : ટ્રાફિકમાં સંકલનનો અભાવ

તા.પ્રતિનિધિ વડગામ

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાં લોક માતા સરસ્વતી નદીના તટે તથા અરવલ્લીની પ્રાકૃતિક ગિરી કંદરાઓમાં બિરાજમાન શ્રી સેંભર ગોગ મહારાજ તિર્થ સ્થાને ગતરોજ શ્રાવણ માસની સુકલ પંચમી ( નાગ.પંચમી ) ને મંગળવારે યોજાયેલ ભાતીગળ લોક મેળામાં હજારો યાત્રાળુઓ નાગ દેવતાના દર્શન માટે ઉમટી પડયા હતા અને સવા લક્ષ નાગ દેવતાની પ્રતિકૃતિઓના દર્શન કરી ભાવ વિભોર બન્યા હતા.મંદિર વ્યવસ્થાપક કમિટીએ દર્શને આવનાર યાત્રિકો માટે ભોજન પ્રસાદ, ચા-કોફી, વિસામાની સુંદર સગવડ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સેંભર તીર્થ સ્થાને સમગ્ર ગુજરાતમાં સવા લાખ નાગની આક?તિવાળુ એકમાત્ર મંદિર છે. મંદિરની આજુબાજુનું પ્રાકૃતિક સૌંદર્ય તેની શોભામાં અભિવૃદ્ધિ કરે છે જેથી તીર્થ ધામનો મહિમા અપરંપાર છે જ્યાં ભાવિકોની રોજીંદી અવર-જવર રહે છે પરંતુ નાગ પંચમીએ ભરાતા લોકમેળામાં ગુજરાતભરમાંથી જનમેદની દાદાના દર્શને ઉમટી પડે છે તેથી ધામ સવારના સમયથી જ ભાવિકોના ઘસારાથી ઉભરાઈ ઉઠ્યું હતું ભાવિકોનું ઘોડાપુર મોડી સાંજ સુધી જળવાઈ રહ્યું હતું ભાવિકોના નાગ દેવતાના જય જયકારથી ગગન ગુંજી ઉઠ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

## તંત્રી સ્થાનેથી...

### અધિક ધનથી માણસમાં આળસ વધે છે...

# નવજોતસિંઘ સિધ્ધુંનું રાજકીય ભાવિ અંત તરફ

લોકસભાની ચૂંટણી પછી સાવ ખોવાઈ ગયેલા નવજોતસિંહ સિદ્ધુ પાછા વરતાયા છે. સિદ્ધુએ જાહેરાત કરી હતી કે, પોતે પંજાબ સરકારના પ્રધાનપદેથી રાજીનામું ધરી દીધું છે ને હવે પોતે કેપ્ટન અમરિન્દરસિંહની કેબિનેટનો હિસ્સો નથી. સિદ્ધુએ ટ્વીટ કરીને આ જાહેરાત સાથે પોતે કે દાડાનું રાજીનામું આપી દીધું છે એ બતાવવા માટે છેક જૂન મહિનામાં કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીને કેબિનેટમાંથી રાજીનામું મોકલ્યાની જાણ કરતો બે લીટીનો જે કાગળ લખેલો એ પણ મૂકેલો. કોઈ પણ પ્રધાને પ્રધાનમંડળમાંથી રાજીનામું આપવું હોય તો મુખ્યમંત્રીને આપવું પડે અથવા સીધું રાજ્યપાલને આપવું પડે. તેના બદલે સિદ્ધુએ રાહુલ ગાંધીને લખેલો ને એ પણ બે મહિના પહેલાં લખેલો કાગળ મૂક્યો એ સિદ્ધુએ કેપ્ટનનું નાક દબાવવા આ ત્રાગું કર્યું હતું. અંતે સિદ્ધુએ તે સમયે જ ટ્વીટ કરી કે, પોતે મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહને પણ પોતાનું રાજીનામું મોકલી રહ્યા છે. પણ અંતિમ નિર્ણય આવી ગયો અને સિદ્ધુ હવે પંજાબ સરકારમાં મંત્રી નથી. નવજોતસિંઘ સિદ્ધુ ગમે ત્યારે પંજાબ સરકારને રામ રામ કરશે એ નક્કી જ હતું. તેનું કારણ એ કે, પંજાબના મુખ્યમંત્રી અમરિન્દરસિંહ અને નવજોત સિદ્ધુ વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલતા જ હતા. લોકસભાની ચૂંટણી વખતે સિદ્ધુ તેની આદત પ્રમાણે બેફામ ભાસણોને કારણે અને તે વાતમાં પોતાની પત્ની નવજોત કૌર સિદ્ધુને અમૃતસર લોકસભા બેઠકની ટિકિટ અપાવવા પણ પ્રયત્ન ચાલતો હતો. આ માટે મુખ્યમંત્રી કેપ્ટને ઘસીને ના પાડી દીધી તેમાં બંનેના સંબંધો વધારે બગડેલા. લોકસભાની ચૂંટણી પછી અમરિન્દરસિંહે પાછી સિદ્ધુની ટીકા કરેલી. પંજાબમાં કૉંગ્રેસ શહેરી વિસ્તારોમાં સારો દેખાવ ના કરી શકી એ માટે સિદ્ધુના ભાસણોને જવાબદાર ગણાવ્યા હતા અને ગંભીર આક્ષેપ કેપ્ટને કરેલા. સિદ્ધુએ સર્જિકલ સ્ટ્રાઈક સામે સવાલો ઊઠાવીને કૉંગ્રેસને મોટું નુકસાન કર્યું તેવું કેપ્ટને કહેલું. બાકી હતું તે કેપ્ટને પોતાની કેબિનેટમાં ખાતાં બદલ્યાં ત્યારે પણ સિદ્ધુ પાસે પહેલાં લોકલ ગવર્નમેન્ટ, ટૂરિઝમ અને કલ્ચર જેવાં મહત્ત્વનાં ખાતાંને બદલે પાવર અને રિન્યુએબલ એનર્જી ખાતું આપીને સાવ હાંસિયામાં ધકેલી દીધેલો. તેના કારણે સિદ્ધુ વધુ નારાજ થઇ સીધા દિલ્હી ઉપડી ગયેલ.

નવજોત સિદ્ધુનું માનવું હતું કે, પંજાબમાં શહેરી વિસ્તારમાં કૉંગ્રેસ હારી તેના માટે સામૂહિક જવાબદારી લેવાની હોય તેના બદલે પોતાને એકલાને બલિનો બકરો બનાવીને ઝૂડવામાં આવી રહ્યો છે. સિદ્ધુએ એ વખતે રાહુલ, પ્રિયંકા ને અહમદ પટેલ સાથે મુલાકાતનો ફોટો પણ ટ્વિટર પર મૂકેલો. સિદ્ધુને એમ કે, દિલ્હી ફરિયાદ કરીશું એટલે મુખ્યમંત્રી કેપ્ટન પોતાની વાત સાંભળશે અને રાહુલ અને પ્રિયંકા કેપ્ટનને ફોન કરીને સિદ્ધુ જોડેનો મુદ્દો ઉકેલવા કહી દેશે. પણ એવું કશું થયું નહી ને રાહુલ ગાંધી પોતે જ રાજીનામું આપીને બેસી ગયા હોવાથી કૉંગ્રેસ પોતે જ સાવ ધણીધોરી વિનાની થઈ ગઈ છે. સિદ્ધુએ એ વખતે નવું ત્રાગું શરૂ કર્યું ને સચિવાલયમાં જવાનું જ બંધ કરી દીધું. કેબિનેટની બેઠકોમાં હાજર રહેવાના બદલે એ અજ્ઞાતવાસમાં ચાલ્યો ગયો ને એ રીતે કેપ્ટનનું નાક દબાવવાની કોશિશ શરૂ કરી. આ કિસ્સામાં પણ એવું જ થયું ને કેપ્ટને સિદ્ધુને અવગણવાનું ચાલુ રાખ્યું એ વાતમાં સિદ્ધુ હાંફી ગયો. છેલ્લા ત્રાગાં તરીકે રાહુલ ગાંધીને મોકલેલું રાજીનામું ટ્વિટર પર મૂક્યું ને તેમાં પણ છેવટે મુખ્યમંત્રીને રાજીનામું મોકલવાની જાહેરાત કરી નાંખી.

આજના સંજોગોમાં નવજોતસિંઘ સિદ્ધુ હવે શું કરશે એ સ્પષ્ટ નથી પણ અત્યારે જે સ્થિતિ છે એ જોતાં રાજકીય રીતે ભાવિ અંત તરફ લાગે છે. ભાજપે સિદ્ધુને બરાબર સાચવેલો ને તેના કારણે એ ત્રણ વાર લોકસભાની ચૂંટણીમાં જીત્યો હતો. ૨૦૧૪ની ચૂંટણી વખતે અરૂણ જેટલી માટે ભાજપે સિદ્ધુ પાસે બેઠક ખાલી કરાવી હતી. તેના કારણે રિસાઈ ગયેલા સિદ્ધુએ એ વખતે બીજી કોઈ બેઠક પરથી પણ લડવાનો ઈનકાર કરેલો. એ વખતે તેણે ભાજપની નેતાગીરી સામે બહુ બખાળા કાઢેલા પણ ભાજપે કશું નહોતું કર્યું. જેટલી અમૃતસર બેઠક પરથી હારી ગયા તેના કારણે સિદ્ધુ સૌને સાચો લાગતો હતો તેથી પણ ભાજપે કશું નહોતું કર્યું ને સિદ્ધુની લાગણી સાચી હોવાનું માનીને તેને મનાવવા બહુ પ્રયત્ન કરેલા. તેના ભાગરૂપે જ ૨૦૧૬ના એપ્રિલમાં નરેન્દ્ર મોદી સરકારે સિદ્ધુને રાજ્યસભામાં નિયુક્ત કરેલ. સિદ્ધુની એ રીતે ભાજપે કદર કરેલી. રાજ્યસભાના સભ્ય તરીકે છ વરસ લગી રાજકારણમાં રહી શક્યા હોત પણ પંજાબના રાજકારણમાં હિસ્સેદારી કરવા ત્રણ મહિના પછી જ રાજ્યસભાના સભ્યપદેથી રાજીનામું આપી દીધું. એ પછી હોકી ખેલાડી પરગતસિંહ સાથે મળીને અવાઝ-એ-પંજાબ પાર્ટી રચેલી. એ વખતે પંજાબના રાજકારણમાં જાણીતા બૈંસ બ્રધર્સ તેની સાથે હતા.

### ડાયાબિટીસનો ખતરો બે ગણો વધુ : રિપોર્ટ

# વિટામીન ડીની અછતથી ઘણા રોગો થવાનો ખતરો

તાજેતરમાં જ કરવામાં આવેલા એક વ્યાપક અને રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામીન ડીના ઓછા પ્રમાણના કારણે ઘણી તકલીફો ઉભી થઇ શકે છે. વિટામીન ડીની અછત હાર્ટ સાથે સંબંધિત રોગ માટે પણ જવાબદાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામીન ડીનું પૂરતુ પ્રમાણ અતિ જરૂરી છે. ઓછુ પ્રમાણ ઘાતક બિમારીઓને આમંત્રણ આપી શકે છે. ૧૦ હજારથી વધુ દર્દીઓને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામીન ડીની અછત ૭૦ ટકા લોકોમાં જોવા મળી છે અને તેમનામાં હાર્ટ સાથે સંબંધતિ રોગનો ખતરો વધારે રહે છે. વિટામીન ડીની અછત ધરાવનાર લોકોના મોતનો ખતરો પણ વધારે રહે છે. આ અછતને દૂર કરવાની બાબત જરૂરી પોષકતત્વોને લઇને જોડાયેલી છે. પોષકતત્વો સાથે અછતને દૂર કરવાથી મોતનો ખતરો ૬૦ ટકા ઘટી જાય છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, હાર્ટ સાથે સંબંધિત રોગ અને વિટામીન ડીની અછત વચ્ચે સીધો સંબંધ છે. આ સંબંધ પણ ખૂબ જ મજબૂત છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટરના કાર્ડિયોલોજીના પ્રોફેસર ડૉ. જેમ્સે કહ્યું છે કે, અપેક્ષા કરતા પણ વધુ નક્કર પુરાવા મળ્યાં છે. વિટમાની ડીની અછત ઘણાં રોગો સાથે સંબંધ ધરાવે છે. દર્દીઓને ધ્યાનમાં લઇને જરૂરી દવાના સૂચન પણ કરવામાં આવ્યાં છે. કાર્ડિયોલોજીસ્ટોનું કહેવું છે કે, વિટામીન ડીની અછત ધરાવતા લોકોમાં ડાયાબિટીસ થવાનો ખતરો બે ગણો રહે છ. આ ઉપરાંત હાઈ બ્લડ પ્રેશર થવાનો ખતરો ૪૦ ટકા વધુ રહે છે અને કાર્ડિયો થવાનો ખતરો ૩૦ ટકા વધારે હોય છે.

એકંદરે વિટામીન ડીની અછત ધરાવતાં લોકોમાં કોઇપણ કારણસર મૃત્યુનો ખતરો ત્રણ ગણો વધારે છે. અભ્યાસમાં આ બાબત સાબિત થઇ શકી નથી. વિટામીન ડીની અસર શુ થાય છે. અગાઉના સંસોધનોમાં સૂચન કરવામાં આવ્યું હતું કે, મોટાભાગના અમેરિકનોના શરીરમાં પુરતા પ્રમાણમાં વિટામીન ડીની સપાટી નથી. નવેસરના નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રીશનના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૫થી ૫૭ ટકા પુખ્ત વયના લોડોમાં ડીનું અપુરતુ પ્રમાણ છે. અન્ય અભ્યાસ સુચવે છે કે, વિટામીન ડીની અછત ઘાતક છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# મારે કયાં તકલીફ લેવાની છે ? તમારા ગામલોકોની દયાથી રસોડામાં બે ચાર સેવકો છે. બનાવી લાવશે.. ને જનક હસી પડયો..

ગતાંકથી ચાલુ

એ પ્રતિનિધિ મંડળ ગયા પછી જનક મારી સામે ફરીને મંદ મંદ મુશ્કુરાતાં પોતાનો બચાવ કરતાં કહેવા લાગ્યો, આ તરભોવન આપણી પાસે કામ કરાવવા આવે ને બહાર કહેતો ફરે કે ગામમાં બોર એ લાવ્યો છે ને પેલા શંભુપ્રસાદે જોયું, 'કેવી વાત કરી..?'

હા..ને તરભોવન પાસે તે જશ સામેથી માગીને લીધો ને શંભુપ્રસાદને માથે ઓઢાડી દીધો.. કાં...? મેં ખડખડાટ હસતાં કહ્યું.

શું કરીએ ? આપણે જશ જોઈતો નથી.. આ તો.. તરભોવન જેવા માણસને સબક શીખવાડવા માટે જ.. કહીને જનક હસી પડયો..

'જનક જશને વડીલો ઉપર ઓઢાડી દઈને કે પછી સફળતાને સત્કાર્ય ઉપર મઢી દઈને આખરે આપણે તેનો સ્વીકાર તો કરીએ જ છીએ ને ? બલકે આ વિનમ્રતાનો ડોળ એ તો અહંકારનું વિકૃત રૂપ છે.. આવું આવું કહેવાનું મને મન થયું પણ જનકની શેહથી હું દબાઈ ગયો હતો.. એટલે મારાથી કાંઈ બોલાયું નથી.

એ દિવસે જનકની વાડીએ જઈને હું દિગ્મૂઢ બની ગયો. વાડીમાં સરસ મજાનો બંગલો હતો.. એરકન્ડીશન્ડ બંગલામાં અદ્યતન સગવડો હતી. વાડીમાં આંબાના લીલાછમ વૃક્ષો લચી પડતાં હતા. કયાંક કયાંક કોયલનો ટહુકો કાનને ભરી દેતો હતો.

રૂપેરી ઝરણાં જેવાં નાના નાના ઢળિયામાં વહેતું જળ, કયાંક કયાંક છાલક બનીને ઉડતું ને મખમલી ઘાસના અનાવૃત લીલા અંગ ઉપર ઝાકળ બનીને ચોંટી જતું હતું.. મારા ખુલ્લા પગ ઉપર ઝાકળની ભીનાશ અંકિત થઈને મને રોમાંચના પ્રદેશમાં લઈ જઈ રહી હતી. ત્યાં જ એક મોટર ધસમસતી આવી.

હું પ્રકૃતિના શિખર ઉપરથી નીચે પટકાયો.. જયારે એ મોટરમાંથી ઉતરતા જનકના મેનેજરે આછી ચીસ જેવા અવાજે ખબર આપ્યા, 'સાહેબ ગજબ થઈ ગયો..'

શું થયું .. જનકનું રૂંવાડુંય ના ફરકયું હોય તેમ સ્વસ્થ ચિત્તે તેણે પુછયું.

'સાહેબ... સાહેબ... એની જીભ લોચા વાળતી હતી.

પણ થયુ શું ?' જનકને સીધી વાત કરવામાં રસ હતો..

'સાહેબ મૃણાલભાઈને પોલીસ પકડી ગઈ.'

કેમ ? જનકના મોંઢા ઉપર એક બે ચિંતાની રેખાઓ ફરકીને અદ્રશ્ય થઈ ગઈ. મેનેજર અમથાલાલે થુંકને ગળા નીચે ઉતારી જીભને સ્વસ્થ બનાવીને કહ્યું, કંઈક ખુનનો મામલો છે.

ખુનને અને મૃણાલને શું ? જનકે હજુ વાત સમજાતી




ન હતી.

અમથાલાલની નજર નીચી ઢળી ગઈ. તેની જીભ કંપતી હતી. એ જ ક્ષણે મોટર લઈને અમે પોલીસ સ્ટેશને ગયા. ત્યાં સમાચાર મળ્યા કે મૃણાલે અઢાર વર્ષની એક યુવતી ઉપર બળાત્કાર કર્યો હતો. ને પછી પકડાઈ જવાના ડરથી એની હત્યા કરી નાખી હતી તે ભેદ આખરે ખુલી ગયો ને પોલીસ મૃણાલને ઘેરથી પકડી ગઈ.

પોતાના પુત્રના આ કૃત્યને જોઈને જનક ભાંગી પડયો. એની છાતી વેદનાથી ભીંસાતી હોય તેમ તે છાતી પકડીને એના અંગત ઓરડામાં તકીયાને અઢેલીને સુતો હતો. આંખ આંસુથી છલછલી ઉઠી હતી. એણે સર્જેલું સામ્રાજય જાણે તુટીને વેરણ છેરણ બની ગયું હતું.

હું એને આશ્વાસન કેવી રીતે આપું. તેનો વિચાર કરતો હતો ત્યાં તો જનકનું ઢીલું ઢીલું શરીર અક્કડ બની ગયું. માથું ઝાટકીને તેણે આંખના આંસુ લુછી નાખ્યા ને મારા કરમાઈ ગયેલા મોં સામે જોઈને તેણે દ્રઢ અવાજે કહ્યું, 'પુલકીત આમાંય કાંઈ નિયતિ હશે કાં ?'

'હા..હા..નિયતિની ઈચ્છા જ ને ?' મેં ઉતાવળે ઉતાવળે તેની વાત ઝીલી લીધી.

'હે...? આમાં આપણું શું ચાલે ? પુલકિત મને એમ થાય છે કે..? કહીને ઉતરી ગયેલા મોં ઉપર જનકે પરાણે ખુશીની બેચાર લકીરો ખેંચીને ગોઠવવાનો પ્રયત્ન કર્યો. જનકને આશ્વાસન આપવા જ મેં પણ તેની હામાં હા પુરાવી. હા આપણું આમાં શું ચાલે ?

પુલકિત હું સમજતો હતો કે આ બધું મારા આયોજન પ્રમાણે ચાલે છે..પરંતુ એવું નથી માતા પિતાની પસંદગી ઉપર મારો અધિકાર કેટલો હતો હેં..? ને તેણે ચુંચી આંખે મારી સામે જોયું.

જરાય નહીં માતા પિતા કુળને જાતિ તો કોઈ અદ્રશ્ય સફળતાનું આયોજન... મેં કહ્યું.

હાં.. હું ઈ જ તો કહું છુ.. પત્ની મેં પસંદ કરી છે પણ પત્નીના સ્વભાવનું આયોજન કરવાનો મને અધિકાર ખરો ? ને ખરેખર તેના મોં ઉપર હવે પરાણે લાદેલી ઉત્સાહની રેખાઓને બદલે સ્વયં ખુશીની ઝલક ઉપસી આવી રહી હતી.

'ના..ના... એ તો જેવી મળે એવી સ્વીકારી લેવી પડે..' હું જનકની વાતમાં ખેંચાતો હતો.

ને ભાઈ બહેનની પસંદગી માટે ય મારૂં કોઈ આયોજન નહીં હોં..! અને એ આંખ મીંચી ગયો પણ પછી તુરંત જ બોલી ઉઠયો, ને પુલકિત, પુલકિત, પુત્રો તો કુદરતી જેવા જન્મ્યા તેવા જન્મ્યા.. એમાં મારી પસંદગીને કોઈ અવકાશ નહીં.. આ ઘર વાતાવરણ આમાં હું કયાંય...? કયાંય નથી. કયાંય નથી.. ને તેણે મસ્તક ઝુકાવી દીધું..

જનકના અહંના ટુકડા એની આંખ સામે વેરાયેલા પડયા હતા. જનક જાણે કોઈ ત્રીજી વ્યક્તિ હોય તેમ તેની તરફ જોઈ રહ્યો હતો.

જનક આ વિદેહીપણાની વાત મારી પત્ની પાસે રજુ કરતાં મેં કહ્યું, જનકના આયોજન પ્રમાણે જ થતું હોય તો એ બધું સારૂં જ પસંદ કરત. આવો અંધકાર પાછળ છોડીને જાય ? પણ હું વધું બોલું તે પહેલાં મારી પત્નીએ દલીલો શરૂ કરી. મેં એને સમજાવતાં કહ્યું, આની વિરૂદ્ધ અનંત દલીલો કરી શકાય પણ ખરી.

જે જનક પોતાના ભારથી જ તુટી રહ્યો હતો. પોતાના અહંમાં ચુર ચુર થઈ રહ્યો હતો.. એજ જનક એક જ ક્ષણમાં આટલો બદલાઈ ગયો ! માણસ આઘાતની સામે ટકવા માટે પોતાના અહંની પણ પેલે પાર જઈ શકે તેવી અખુટ શક્તિનો ઝરો જે હૃદયમાંથી ઉછળે છે ને આવું આયોજન કરનાર જનક તો ન જ હતો ? એ કોઈ અગમ્ય તત્વનું જ આયોજન કહેવાય ને ? હેં...? ને મારા મોં ઉપર વિજયનું સ્મિત ફરકી ઉઠયું.

પણ સપ્તપદીના સાત પગલાં મારી સાથે ચાલનાર સખી, આ તર્કમાં મારી સાથે હતી કે કેમ તે મને સમજાયું નહીં.. શાયદ આની વિરૂદ્ધ દલીલો પણ એની પાસે હોય....!

- કનુભાઈ આચાર્ય

## જૂઓ એમટીવી એસ ઓફ સ્પેસ ૨માં બની રહેવાનો જબરદસ્ત સંઘર્ષ, ૨૪ ઓગસ્ટથી દરરોજ સાંજે ૬ કલાકે

આ એક્સટ્રીમનો સર્વાધિક અનપેક્ષિત પ્રોગ્રામ છે. તેમના વચ્ચે જીવનની સૌથી મૌલિક જરૂરિયાત- સ્પેસની લડાઈ છે. સૌથી નવા કોન્સેપ્ટ અને નવા પ્રતિયોગી સાથે એમટીવી પોતાનો કેપ્ટિવ રિયાલિટી શો એમટીવી એસ ઓફ સ્પેસ ૨ લઈને આવેલ છે, જે ૨૪ ઓગસ્ટથી દરરોજ સાંજે ૬ કલાકે પ્રસારિત થશે. પ્રથમ સીઝનની સફળતા બાદ, ડાયનામિક વિકાસ ગુપ્તાએ માસ્ટરમાઈન્ડના રૂપમાં પુનઃ વાપસી કરી છે અને તે તમને કોન્ફેશન, ટકરાવ, ઉથલ-પાથલ, સંકોચાતી દીવાલો અને અનંત મનોરંજનની દુનિયામાં લઈ જશે. પોતાના કમબેક અને એમટીવી એસ ઓફ સ્પેસની બીજી સીઝનની લોન્ચ વિશે માસ્ટરમાઈન્ડ વિકાસ ગુપ્તાએ જણાવ્યું કે, "હા, મેં બીજી સીઝન સાથે કમબેક કરી લીધું છે. જે કામ તમે કરો છો અને જેનાથી તમે આટલું શીખ્યા છો, તે ના કરવું ખૂબ મુશ્કેલ છે. મારા ફેન્સે મને ખૂબ જ સ્નેહ તથા પ્રેમ આપ્યો



અને આ શો કર્યા બાદ મારાં ફેન્સની સંખ્યા ખૂબ જ વધી ગઈ છે, કારણકે તેમને મારું નવું સ્વરૂપ જ જોવા મળ્યું. એસ ઓફ સ્પેસ સીઝન ૧ એ એક પ્રયોગાત્મક શો હતો, જેણે ખૂબ સારું પ્રદર્શન કર્યું અને અમે પોતાના દર્શકોના હૃદયમાં એક અલગ જ જગ્યા બનાવી. અમે હાઉસના મહેમાનોની મુશ્કેલ પરીક્ષા લીધી અને તેમને દિલ તેમજ દિમાગમાંથી એક પસંદ કરવાનું કહ્યું. બીજી સીઝન વધારે મુશ્કેલ તથા પડકારજનક થનાર છે, કારણકે હું તેમના વિશ્વાસ તેમજ કન્ડિશનિંગની પરીક્ષા લઈશ. એસ ઓફ સ્પેસમાં મારા માટે અને મારામાં એસ ઓફ સ્પેસ માટે ઘણી સંભાવનાઓ છે."

## તદન નવો નોકિયા ૧૦૫ – બેટરી જે લાંબા સમય સુધી ચાલે છે અને ઓછી કિંમતમાં તમારી બધી રોજીદી આવશ્યકતાઓ સાથે

HMD ગ્લોબલ, નોકિયા ફોનનું ઘર, આજે તેના સૌથી લોકપ્રિય ફિચર ફોન – નોકિયા ૧૦૫ ની નવી ૪થી પેઢી ની જાહેરાત કરી. નવો નોકિયા ૧૦૫ દરેક વસ્તુ સાથે આવે છે, નોકિયા ૧૦૫ એવી બેટરીનો સમાવેશ કરવા માટે જાણીતો છે જે એક ચાર્જ સાથે તમને સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી વાત કરવાની સુવિધા આપે છે. તેની ૧.૭૭ "રંગની સ્ક્રીન, ક્લાસિક સ્નેક જેવી રમતો રમવા માટે અને આઈલેન્ડ કીમેટ ડાયલિંગ અને ટેક્સ્ટિંગને સરળ, આનંદપ્રદ અને શ્રેષ્ઠ બનાવે છે. જન્મજાત રંગીન પોલીકાર્બોનેટ બોડી સાથે, નવો નોકિયા ૧૦૫ એ વિના મૂલ્યે આધુનિક ડિઝાઇનને સરળતા અને ટકાઉપણું સાથે પેકેજમાં જોડે છે જે મહાન મૂલ્ય પ્રદાન કરે છે.

અજેય મહેતા, APAC અને ભારત HMD ગ્લોબલ ના વાઇસ પ્રેસિડેન્ટ અને પ્રદેશ વડા ઉપપ્રમુખ એ, જણાવ્યું હતું કેઃ

"નોકિયા ફીચર ફોન



પ્રત્યેનો પ્રેમ ભારતમાં તેમની નિર્માણ ગુણવત્તા, વિશ્વસનીયતા અને કાર્યક્ષમતા માટે ઉચ્ચ શાસન ધરાવે છે. નોકિયા ૧૦૫ ની સાથે, અમે તે ગ્રાહકો માટે ફોન લાવી રહ્યા છીએ કે જેઓ પ્રથમ વખત ગતિશીલતાને સ્વીકારી રહ્યા છે, આધુનિક ડિઝાઇનમાં તેમને લાંબી સ્થાયી બેટરી અને રોજિંદી આવશ્યકતાઓ સાથે ફોન આપી રહ્યા છે. હું ભારતીય ગ્રાહકો માટે નોકિયા ૧૦૫ લાવવા માટે ઉત્સાહિત છું. "

"નોકિયા ૧૦૫ એ સુપ્રસિદ્ધ ફોન તરીકે તેની લોકપ્રિયતા અને અનંત ગુણવત્તાની સાબિતી આપીને વિશ્વભરમાં કરોડોનું વેચાણ કર્યું છે.

## જૂઓ નાગાર્જુનાનો એક પંચ પેક ભાઈ: મેરા બિગ બ્રધર, આ શનિવાર ૨૪મી ઓગસ્ટ ઝી એક્શન પર

ઝી એક્શન- ઈન્ડિયાસ વન-સ્ટોપ ડેસ્ટિનેશન ફોર એક્શન મૂવીસ તૈયાર છે, નાગાર્જુના અભિનિત ભાઈ: મેરા બિગ બ્રધર રજૂ કરવા માટે, ચેનલની પ્રોપર્ટી શનિવાર ફાઈટ ક્લબ હેઠળ, શનિવાર ૨૪મી ઓગસ્ટ સાંજે ૮ વાગે. પ્રસિદ્ધ વીરભદ્રમ્ ચૌધરી દ્વારા ડિરેક્ટ આ મૂવીમાં પ્રસન્ના, આશિષ વિદ્યાર્થી અને સોનુ સુદ પણ અગ્રણી ભૂમિકામાં છે. નાગાર્જુનાની સાથે રોમાન્સ કરતું અગ્રણી મહિલા પાત્ર રિચા ગંગોપાધ્યાય કરી રહી છે, જે ફિલ્મમાં રાધિકાનું પાત્ર કરશે.

વાર્તા, વિજય ઉર્ફે ભાઈ (નાગાર્જુના)ની આસપાસ ફરે છે, જે એક પાક્કો હિટમેન છે અને આંતરરાષ્ટ્રિય ડોન ડેવિડ




(આશિષ વિદ્યાર્થી) માટે કામ કરે છે, જે તેના પર તેના દિકરાઓ જેમ્સ (સોનુ સુદ) અને ટોની (અજય) કરતા પણ વધુ વિશ્વાસ કરે છે. ત્યારબાદ તેને ભાઈને એક ટાસ્ક આપ્યો હતો, જેમાં તેને અંડરકવર કોપ અર્જુન (પ્રસન્ના)ને મારવાનો છે, જે ડેવિડની ગેંગના સભ્યોના અચાનક ગાયબ થઇ જવાની પાછળ જવાબદાર છે.

## શ્વેતા મહાદિક: "મારા વજન અંગેની એક સામાન્ય કોમેન્ટ પણ મને અત્યંત વધુ અસર કરે છે"



સપ્તાહ દર સપ્તાહ ઝી ટીવીનો પ્રાઈમ ટાઈમ કાલ્પનિક શો ગુડ્ડન... તુમસે ના હો પાયેંગાનો પ્લોટ દર્શકોને તેમની ટેલિવિઝન સ્ક્રીન પર સંપૂર્ણપણે જકડી રાખે છે! જ્યારે ઘણા બધા શોના કલાકારો તેમના ચાહકોને તેમની સાથએ જકડી રાખવા માટે તેમના દેખાવોની સાથે પ્રયોગો કરતા રહેતા હોય છે, ત્યારે પ્રસિદ્ધ કલાકાર શ્વેતા મહાદિક, જે આ શોમાં દુર્ગા બહુનું પાત્ર કરી રહી છે, તેને પણ વજન ઉતારવાનું નક્કી કર્યું છે, તે પણ કી સીન કે પછી હાલની સિકવન્સ માટે નહી પરંતુ પોતાની જાત માટે આ કરી રહી છે. હવે, તેની વજન ઘટાડવા માટેનું કારણ પણ રસપ્રદ છે તે છે, - તેની એક મિત્ર દ્વારા કરવામાં આવેલી સામાન્ય કોમેન્ટ.

# કથાસાગર- બદલાની ભાવના

દિક્ષણ આફ્રિકાના રાષ્ટ્રપતિ બનતાં પહેલાં નેલ્સન મંડેલાએ રંગભેદ વિરોધી સંઘર્ષને કારણે ૨૭ વર્ષ રોબેન દ્વીપ પર જેલમાં ગુજાર્યા હતાં. જેલમાં તેમને કોલસા ખોદકામનું કામ કરવું પડતું. રાષ્ટ્રપતિ બન્યા બાદ એક દિવસે તે પોતાના ખાસ મિત્રો સાથે એક રેસ્ટોરાંમાં જમવા ગયા. એ જ રેસ્ટોરાંમાં મંડેલાથી થોડે દૂર એક ટેબલ પર વ્યક્તિ બેઠો ભોજનની રાહ જોતો હતો. મંડેલાએ પોતાના સુરક્ષા કર્મીને કહ્યું કે પેલા વ્યક્તિને આ જ ટેબલ પર બોલાવી લો. પેલો વ્યક્તિ આવ્યો ને ટેબલ પર બેઠો. બધાની સાથે જ એ પણ ભોજન કરવા લાગ્યો, પણ તેના હાથ કાંપી રહ્યા હતા. માથા પર પરસેવો વળી રહ્યો હતો. ભોજન ખતમ કરીને તે વ્યક્તિ માથું ઝૂકાવીને હોટલમાંથી નીકળી ગયો. એ વ્યક્તિના ગયા બાદ મંડેલાએ એક મિત્રને કહ્યું, 'એ વ્યક્તિ કદાચ બીમાર હતો. ખાતી વખતે તેના હાથ કાંપતા હતા અને તેને પરસેવો વળી રહ્યો હતો.' મંડેલાએ કહ્યું, 'એવું નથી. એ વ્યક્તિ એ જેલનો જેલર હતો, જેમાં મને રાખવામાં આવ્યો હતો. જ્યારે પણ મને જેલમાં યાતનાઓ અપાતી અને હું આજીજી કરીને તેની પાસે પાણી માંગતો ત્યારે મને ગંદી ગાળો આપતો હતો. તેના કહેવા પર જેલકર્મીઓ મને ઘણો પ્રતાડિત, અપમાનિત કરતા.' મિત્ર આશ્ચર્યમાં પડી ગયા. એકે પૂછ્યું, 'આવા માણસને તમે તમારા ટેબલ પર ભોજન લેવાનું સન્માન કેમ આપ્યું? તેને તો પાઠ ભણાવવાનો હતો.'

મંડેલા શાંત સ્વરે બોલ્યા, 'તેને એવું લાગતું હતું કે હું પણ તેની સાથે એવો જ વ્યવહાર કરીશ, પરંતુ મારું એવું ચરિત્ર નથી. મારા વિચાર છે કે બદલાની ભાવનાથી કામ કરવું વિનાશ તરફ લઈ જાય છે.' મંડેલાના આવા શ્રેષ્ઠ ચારિત્રિક ગુણોને કારણે દિક્ષણ આફ્રિકામાં તેમને માન મળ્યું.

# મનોવૈજ્ઞાનિકની પાંચ વાતઃ નિરાશા અને સ્પર્ધા સામે લડત

એક યુવાન સ્ત્રી પરેશાન છે, એક યુવક પણ પરેશાન છે. તેઓ સૌ તંદુરસ્ત છે, અને સુખી ઘરના સભ્ય છે છતાં તેઓ સતત માનસિક તાણ અને ઉપેક્ષાઓ સહન કરી રહ્યા હોય તેવું લાગે છે. તેઓ પાસે આરામથી જીવવા જોઈએ, તે બધું જ છે, છતાં તેઓ તેને ધ્યાને નથી લેતાં. પરિણામ એ આવે છે કે તેઓ હતાશા તરફ ચાલ્યાં જાય છે, તેમનું જીવન સતત સરખામણી અને શો-બાજીનું માધ્યમ બની ગયું છે. તેઓ સોશિયલ મીડિયા અને ફોટોગ્રાફીની સ્પર્ધા અનુભવી રહ્યાં છે. આ બધાની વચ્ચે તેમની યુવાનીનો અમુલ્ય સમય વેડફાઈ રહ્યો છે. તેમની કારકિર્દી દિશા નક્કી કરે તે પહેલા તેઓ ડીપ્રેશન અને ભય અનુભવી રહ્યાં છે. લગ્ન બાબતે કે સામાજિક જવાબદારી બાબતે તેઓને કોઈ જ રસ રહ્યો નથી. તેઓ સતત સરખામણી અને તરંગી દુનિયાની અંદર ખોવાઈ રહ્યાં છે.

તમારું જીવન અમુલ્ય છે, તમે એકમાત્ર વ્યક્તિ છો, તમારા જેવા બીજા વ્યક્તિ કુદરતે નથી બનાવ્યા. તમે તમારા જીવનમાં ડોકિયું કરો, તમે જે બનવા ઈચ્છો છો એ બનો. લોકો તમને શું કહેશે? તમારા ફોટા લાઈક કરશે કે નહિ કરે? તેની પાછળ સમય ના બગાડશો. દુનિયાને તમારા કાર્યથી મતલબ છે. તમે બધાને મદદરૂપ બનો, સમાજને નાની કે મોટી કોઈપણ ભેટ કે સેવા આપી શકો તો તે કરો, તે તમારામાં આનંદનો સંચાર કરશે. તમે ઓઈને બદલી નથી શકવાના, આજે તમારા પ્રશંસક કાલે તમને ના પણ મળે, આ વાતને સમજો.

સોશિયલ મીડિયા અને ફોટો શેરીંગ એપ્સના લીધે આજે લોકો તુરંત પ્રસિદ્ધિ મેળવવા માંગે છે. પરંતુ તમારું ખરું જીવન વાસ્તવિક જીવન તમે જે કાર્ય કરી રહ્યા છો, જ્યાં રહો છો ત્યાં છે. જયારે તમે બીજા પર પ્રભાવ પડવાની કોશિશ કરો છો, ત્યારે તમે સામેવાળાની જરૂરિયાત પ્રમાણે પોતાને બદલી રહ્યા છો. તેના પરિણામે તમે તમારો 'સ્વતંત્ર સ્વભાવ' અને 'ઓળખ' તમે ગુમાવી રહ્યા છો. જે છેવટે હતાશા તરફ લઈ જશે. તમે જે છો તે જ રહો.

બીજાના ભાણામાં લાડુ મોટો જ લાગે છે. આજના સમયમાં લગભગ દરેક વ્યક્તિ સતત મહેનત અને સ્પર્ધામાં જીવી રહી છે. તમે જે જુઓ છો, તે સિક્કાની એક બાજુને જ જુઓ છો, જરા એની બીજી બાજુ પણ જુઓ. દરેક વ્યક્તિ પાસે સતત અપેક્ષાઓ રહે છે, દરેક વ્યક્તિ એક ઉમરના દાયરામાં આપણી જેમ જ મહેનત કરી રહી છે. તેઓ જ્યાં છે તે સંજોગ અને મહેનત ના લીધે છે, બધાને સરખા સંજો નથી મળતા. તેઓને તમારા સાથી મુસાફર સમજો, કોઈ નાનું કે મોટું નથી, બધા જ મહેનત કરીને જીવીરહ્યા છે, નાના મોટા દરેકનું જીવન સન્માનનીય છે જ.ઘણીવાર લોકો પાસે સાધન અને સ્વાસ્થ્ય પણ નથી હોતા.

આપણે જયારે કોઈ પણ ચીજ કે જીદને વિદાય આપીએ છીએ, ત્યારે આપણે શાંતિ અને હાશનો અનુભવ કરીએ છીએ. આપણે જયારે પોતાને સ્વીકારી લઈએ છીએ, ત્યારે સમગ્ર દુનિયા પણ આપણને સ્વીકારી લે છે. ભૂતકાળને તમે બદલી નથી શકતા. તમે જેટલું કરી રહ્યા છો, તે બિલકુલ બરાબર અને તમારી ક્ષમતા મુજબ છે, તેમાં વિશ્વાસ રાખો. સતત વધુની અપેક્ષામાં તમે હતાશા તરફ વળી જશો. તમે પોતાને પોતાની જાતને હમેશા વફાદાર રહ્યા જ છો. જીદ અને ખોટી અપેક્ષાઓને અલવિદા કહો, ત્યાંથી જ શાંતિ અને સુખની શરૂઆત થશે.

મનુષ્ય જયારે કોઈ પણ ઘટનાને મુલવે છે ત્યારે તે પોતાને જે 'માફક' આવે તે અર્થ જ આપે છે. પરંતુ અહી એક મોટી સમસ્યા છે, દાખલા તરીકે કોઈ વ્યક્તિ તમને નથી ગમતી, તો તમે તેનો હમેશા વાંક જ જુઓ છો, અજાણ્યે પણ તમે તેનો વાંક શોધી જ લો છો. તમને તે નથી ગમતી તે તેના'મૂળ'માં છે, જે તમારા હાથમાં છે. મનુષ્ય પોતે પહેલા જ નક્કી કરી લે છે, કે ઘટનાનો શું 'મતલબ' કાઢવો. અને પછી તેને સાબિત કરવા 'કારણ' આપે છે. માટે જો તમે પોતાને 'મુક્ત' કરવા ઈચ્છો છો, તો એ બિલકુલ તમારા હાથમાં જ છે. ક્યાંક લખી લેજો કે, નેગેટિવ વિચારો પાછળ તમારી નેગેટીવ 'માન્યતા' છે, બીજું કશું જ નહીં.

- (જી.એન.એસ)

# મોડાસામાં રસ્તે રઝળતી ગાયોના કારણે અકસ્માતોનું જોખમ : વાહનચાલકો અને રાહદારીઓમાં ફફડાટ





પ્રતિનિધિ અરવલ્લી

મોડાસા શહેરમાં છેલ્લા કેટલાયે સમયથી રખડતી ગાયોનો ત્રાસ વધી જતાં વાહનચાલકો અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જેના લીધે દિવસ દરમિયાન રખડતી ગાયો શહેરના મુખ્યરોડ અને સોસાયટીના લોકોને શિંગડે ચઢાવ્યાના અનેક બનાવો બનવા છતાં નીભર નગરપાલિકા તંત્રનું પેટનું પાણી પણ હલતું નથી રાત્રીના સુમારે શહેરના મુખ્યમાર્ગો પર અડિંગો જમાવતા પશુધનના ધણના ટોળા ન દેખાતા અનેક વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

મોડાસાના મુખ્ય ચાર રસ્તા, બસ સ્ટેન્ડ રોડ, માલપુર રોડ, ડીપ વિસ્તાર, મેઘરજ રોડ, કોલેજ રોડ અને મોડાસાના સહયોગ બાયપાસ રોડ ઉપર રખડતી ગાયો અઢીંગા જમાવી દેતાં વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. શહેરમાં રખડતી ગાયો બાયપાસ હાઈવે રોડ ઉપર ઉભી થઇ જતાં મુંબઇ- દિલ્હીથી અવર- જવર કરતાં મોટા વાહનોના ચાલકો મોડાસા શહેરની સહયોગ ચોકડી અને મેઘરજ બાયપાસ રોડ ઉપર મોટી મુસીબતોનો સામનો કરી રહ્યા છે. શહેરના વિસ્તારમાં અચાનક રખડતી ગાયો મોટા વાહનોની આડે આવી જતાં વાહન ચાલકોને અકસ્માતનો ભોગ બનવું પડે છે. તેમજ રખડતી ગાયોનો એટલો ત્રાસ વધી ગયો છે કે, શહેરની સોસાયટી વિસ્તાર અને ડીપ વિસ્તારમાં રાહદારીઓ અને વયોવૃદ્ધ લોકોને હડફેટે લઈને શિંગડે ચઢાવતાં શહેરની પ્રજા રખડતી ગાયોના ત્રાસથી ત્રાહિમામ્ પોકારી ઉઠયા છે.

> નગરપાલિકા સેનેટરી ઈન્સ્પેક્ટર પુરોહિતના જણાવ્યા અનુસાર મોડાસા શહેરના માર્ગો પર રખડતા પશુઓને પાંજરે પુરવાની કામગીરી હાથધરવામાં આવી છે સોમવારે શહેરના માર્ગો પરથી ૭ પશુઓને પકડી ઈડર પાંજરાપોળ મોકલી આપવામાં આવ્યા છે અને સતત રખડતા પશુઓને પાંજરે પુરવાનું અભિયાન ચાલુ રહશે પશુ માલિકનું પશુ દંડ ભર્યા પછી જ ઈડર પાંજરા પોળ માંથી પરત મેળવી શકશે તેવું જણાવાયું હતું અરવલ્લી જિલ્લામાં કે મોડાસા શહેરમાં પાંજરાપોળ ન હોવાથી મોટી મુશ્કેલીઓ સહન કરવી પડતી હોવાનું જણાવ્યું હતું.

# ઇડર પાલિકા કરોડોના બોજા હેઠળ : કરવેરો ન ભરનાર સામે કાર્યવાહી

પ્રતિનિધી સાબરકાંઠા

સાબરકાંઠાની ઈડર નગરપાલિકા હવે કરોડોના બોજા હેઠળ દબાઈ ગઇ છે. હાલમાં ઈડરના શહેરીજનો પાસેથી ચાર કરોડથી વધુનો કરવેરો લેવાનો બાકી છે, તો બીજી તરફ પોલીસ દ્વારા નીત નવા કાર્યક્રમો થકી પૈસાની જાવક યથાવત રહી છે જેના કારણે પાલિકાની સ્થિતિ ડામાડોળ થઈ છે.

ઈડર નગરપાલિકા દ્વારા પાછલા બે વર્ષમાં કરવેરા લેવામાં નિરસતા રખાઈ હોવાના પગલે ચાર કરોડથી વધુનો વેરો આજની તારીખે બાકી બોલે છે. જેના પગલે પાલિકામાં નાણાંકીય ખાદ્ય ઊભી થાય તે સ્વાભાવિક બાબત છે. તેમજ બાકીદારોના વીજ કનેક્શનનો નરકનો કાપવાની પણ તજવીજ હાથ ધરી છે. ત્યારે ચાર કરોડથી વધુનો કરવેરો થવા છતાં સત્તાધીશોએ આજ દિન સુધી કેમ પોલીસ પગલાં ન ઉઠાવ્યા તે પણ એક સવાલ છે. આઈટીઆર ઓફ પાલિકા દ્વારા વિવિધ પ્રોજેક્ટ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે તો બીજી તરફ કરોડો રૂપિયા ખર્ચાયા હોવા છતા આ પ્રોજેક્ટ હજુ પણ અધૂરા છે કાં તો પૂર્ણ થઈ શક્યા નથી. તેવા સમયે પાલિકા પાસે નાણાકીય ભીડ ઊભી થાય તે સ્વાભાવિક બાબત છે. જોકે ચાર કરોડથી વધુનો કરવાનું બાકી હોવા છતાં હાલમાં પાલિકા સામાન્ય શરતો હેઠળ પાલિકા ચલાવી રહી છે. આ મુદ્દે પગલાં ભરાય તો આગામી સમયમાં ચાર કરોડથી વધુનો બાકી કરવાનું પરત આવી શકે તેમ છે. તેમજ પાલિકાએ આ વખતે કરવેરો ન ભરનારા તત્વો સામે લાલ આંખ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે. જોકે હવે કેટલાંક કરવેરો પરત લાવી શકશે એ તો સમય બતાવશે.

# મોડાસા નગરપાલિકા માટે વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ માથાનો દુઃખાવો બન્યો



### મુસ્લિમ વિસ્તાર નજીક ખસેડવાની તજવીજનો ઉગ્ર વિરોધ

પ્રતિનિધી અરવલ્લી

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા ઘન કચરો ઠાલવવા બનાવેલ ડમ્પિંગ સાઈટ હાલ જીલ્લા કલેક્ટર કચેરી સામે અને કોર્ટ બિલ્ડિંગની બાજુમાં નગરપાલિકા ની જગ્યમાં વર્ષોથી કાર્યરત છે ડમ્પિંગ સાઈટમાં કોર્ટ કચેરી અને જીલ્લા સેવાસદન સામે હોવાથી નગરપાલિકા

તંત્રએ કમ્પોસ્ટ પ્લાન્ટ રાણા સૈયદ દરગાહ તથા રહેણાંક વિસ્તારમાંથી ખસેડવા તજવીજ હાથધરાતા મુસ્લિમ સમાજમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સહીત મુસ્લિમ સમાજના અગ્રણીઓએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ડમ્પિંગ સાઈટ મુસ્લિમ સમાજના રહેણાંક વિસ્તારમાં ખસેડવાનો નગરપાલિકાનો ખુલ્લો વિરોધ નોંધાવ્યો હતો.

મોડાસા નગરપાલિકામાં હાલ ભાજપ સત્તા ભોગવી રહ્યું છે નગરપાલિકાની સામાન્ય સભામાં હાલમાં કાર્યરત વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ પાલિકાની અન્ય નગરપાલિકા હસ્તકની જગ્યા સર્વે નં-૮૨ અને ૮૪ અંગે પ્રસ્તાવ મુકવામાં આવતા વિરોધ પક્ષે વિરોધ નોંધાવતા આ મુદ્દે વોટિંગ કરવામાં આવતા જેમાં સત્તાપક્ષ તરફે ૧૫ વોટ અને વિરોધપક્ષ તરફેણમાં ૧૬ વોટ થતા ઠરાવ મુલત્વી રાખવામાં આવ્યો હતો ડમ્પિંગ સાઈટ હાલ મોડાસા નગરપાલિકા માટે માથાનો દુખાવો બની રહ્યો છે

મોડાસા નગરપાલિકા નો તમામ કૂડો કચરો હાલમાં શહેરથી પાંચ કિલોમીટર દૂર હાઈવેની બાજુમાં ઠલવાય છે.જે કમ્પોસ્ટ પ્લાન્ટ શહેરથી દુર અને બિન રહેણાંક વિસ્તારમાં આવેલું છે પણ આ વિસ્તારની આસપાસ સરકારી કચેરીઓ આવેલી હોવાથી નગરપાલિકા દ્વારા આ પ્લાન્ટ ને શિફ્ટ કરી સર્વે નંબર ૮૨ અને ૮૪માં ઉભુ કરવાનો પાલિકાની સામાન્ય સભામાં કામ નંબર ૧૪ માં પ્લાન્ટ ખસેડવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.સર્વે નંબર ૮૨ અને ૮૪ ની બાજુમાં રાણા સૈયદ દરગાહ, નવસે શહીદ કબ્રસ્તાન તેમજ આસપાસ છ સોસાયટી વિસ્તાર તેમજ રહેણાંક ઝોન આવેલ છે. જેથી કુડા કચરાના નિકાલ માટેનો કંપોસ્ટ પ્લાન્ટ શિફ્ટ કરતા આ વિસ્તારના લોકોના તેમજ બાળકોના સામે આરોગ્યનો ગંભીર ખતરો ઉભો થશે.

આખા મોડાસા નગરપાલિકાના વિસ્તારનો ગંધાતો કચરો રહેણાંક વિસ્તારમાં ઠાલવવામાં આવશે અને લોકોમાં આરોગ્ય સાથે ખતરો અને ગંભીર બીમારીઓ ફેલાશે તેની જવાબદારી કોણ લેશે તેવા પ્રશ્નો રહેણાંક વિસ્તારના રહીશો કરી રહ્યા છે. લોકોના આરોગ્ય સામેના ગંભીર ખતરાને તેમજ બીમારીઓને નજર સમક્ષ રાખી કુડા કચરાના પ્લાન્ટના વિરોધમાં, ધારા સભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, મુસ્લિમ સમાજના અગ્રણી ઈમ્તિયાઝ ચિસ્તી, ઈશાક ભાઈ મલેક, રશીદ ભાઈ, વશિમભાઈ, શરીફભાઈ, ઈમરાન ભાઈ અને સદાકત સોસાયટીના રહીશો અરવલ્લી જિલ્લા કલેકટર એમ નાગરાજનને વિરોધ દર્શાવી આવેદન પત્ર આપ્યું હતું. ત્યારે જિલ્લા કલેકટર લોકોના આરોગ્ય સામેના ગંભીર જોખમને નજર સમક્ષ રાખીને ઉચિત કાર્યવાહી કરે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

# શામળાજી પોલીસે ઉંઝાના બુટલેગરને કારમાં ૩૦ હજારના દારૂ સાથે દબોચ્યો





પ્રતિનિધી અરવલ્લી

ગુજરાતમાં કહેવાતી દારૂબંધી વચ્ચે દેશી-વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે શામળાજી રતનપુર ચેકપોસ્ટ પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવવામાં આવતો હોવાની વાત જગ જાહેર છે આતંકવાદી હુમલાનો ભય અને અવારનવાર ગેરકાયદેસર હથિયારો સાથે અસામાજિક તત્વો વારંવાર ઝડપાતા સલામતીના ભાગરૂપે રતનપુર ચેકપોસ્ટ પર બુલેટપ્રુફ જેકેટ સાથે એસઆરપી અને પોલીસ જવાનોનો કાફલો તૈનાત કરાતા અરવલ્લી જીલ્લાના અંતરિયાળ માર્ગો પરથી વિદેશી દારૂ ઘુસાડવા બુટલેગરો અધીરા બન્યા છે

શામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ સંજય શર્મા અને તેમની ટીમે ૪૮ કલાકમાં શામળાજી પંથકના અંતરિયાળ વિસ્તારોમાંથી વિદેશી દારૂ ઘુસાડવા અધીરા બનેલા બુટલેગરોના ત્રણ વાહનો પકડી પાડવામાં સફળ રહી છે શામળાજી પોલીસે ખોડબાં ગામની સીમમાંથી દાસજ (ઉંઝા) ગામના મોહસીનહુસૈન કેશુભાઇ શેખ બુટલેગરને સેવરોલેટ યુવા કારમાંથી ૩૦ હજારના વિદેશી દારૂ સાથે ઝડપી પડ્યો હતો.

શામળાજી પોલીસે કુશ્કી-ખોડબાં ગામની સીમમાં વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા ગ્રે કલર ની સેવરોલેટ યુવા કાર (ગાડી.નં-GJ.01.HN.1189) અટકાવી તલાસી લેતા કારના પાછળના ભાગે અને ડેકીમાં સંતાડી રાખેલી ઈંગ્લીશ દારૂ તથા બીયર કુલ પેટી નંગ ૧૩ તથા છુટક બોટલો નંગ-૧૦ કુલ મળી બોટલો નંગ-૨૫૦ ની કિ.રૂ.૩૦,૨૮૦/- મળી આવતા કાર ચાલક ચાલક મોહસીનહુસૈન કેશુભાઇ શેખ (રહે.દાસજ તા.ઉંઝા જી.મહેસાણા) ની ધરપકડ કરી કારની કી.રૂ.૨૦૦૦૦૦/- તથા મોબાઈલ નંગ-૧ મળી કુલ રૂ.૨૩૦૭૮૦/-નો મુદ્દામાલ જપ્ત કરી કારમાં રહેલો અન્ય શખ્શ ફરાર થઈ જતા પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોડાસા આઈટીઆઈમાં જર્જરિત પાણીની ટાંકી તાલીમાર્થીઓનો ભોગ લે તેવી ભીતિ



પ્રતિનિધિ અરવલ્લી

અરવલ્લી જીલ્લામાં પાણી પુરવઠા વિભાગ અને ગ્રામ પંચાયત હસ્તકના અનેક વર્ષો જુના પાણીના ટાંકા જર્જરિત હાલતમાં પડવાના વાંકે ઉભા છે તેમ છતાં તંત્ર દ્વારા દરકાર લેવામાં ના આવતા જીલ્લામાં જર્જરિત ટાંકાને લઈ બોપલવાળી થવાની દહેશત વર્તાઈ રહી છે જીલ્લાની અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં પણ જર્જરિત ટાંકીઓ ગમે તે ઘડીએ ધરાશાયી થાય તો મોટી દહેશત થવાની સંભાવના રહેલી છે મોડાસાની આઈટીઆઈમાં આવેલી પાણીની ટાંકી જર્જરિત થઈ જતા આઈટીઆઈમાં આવતા તાલીમાર્થીઓના માથે મોત ઝુંબળાઈ રહ્યું છે.

રાજ્યમાં બીજો ક્રમ ધરાવતી મોડાસાની આઈટીઆઈમાં અંદાજે ૧૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ વિવિધ ટ્રેડમાં તાલીમ અર્થે આવે છે આઈટીઆઈમાં વર્ષો જૂની પાણીની ટાંકીના થાંભલામાં તિરાડો પડી જતા અને લોખંડ પણ કાટ ખાઈ જતા અને ઉપરના ગોળાઈના ભાગમાં પણ ગાબડાં પડતા અને તિરાડો પડતા ટાંકી તૂટી પડે તો મોટી જાનહાની થવાનો ભય સતાવી રહ્યો છે કોઈ વિદ્યાર્થીનો ભોગ લે તે પહેલા જર્જરિત ટાંકીનું સમારકામ ધરવામાં આવે અથવા જર્જરિત ટાંકીને ઉતારી લેવામાં આવે તેવી પ્રબળ માંગ વિદ્યાર્થીઓમાં ઉઠી છે.

# સાબરકાંઠા જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઇ

(પ્રતિ.) સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેકટર શ્રી પ્રવિણા ડી.કેની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડમાં યોજાઇ હતી.

જેમા ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વીનભાઇ કોટવાલ રજુ કરેલા ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાના લોકોને આવક, જાતિ અને રહેઠાણને લગતા દાખલા મેળવવા માટે પડતી મુશ્કેલીઓ નિવારવા અંગે રજૂઆત કરી હતી જયારે આદિજાતિ વિસ્તારોમાં અનાજના ગોડાઉન બનાવવા તેમજ મોબાઇલ નેટવર્ક અને ઈન્ટરનેટ સેવાઓ વધુ ઝડપી બનાવવા તેમજ વિજયનગરમાં એસ.ટી. ડેપોના કામને ઝડપથી શરૂ કરવા અને સરદાર અને ઈન્દીરા આવાસ યોજનાના કામો સમયમર્યાદા પૂર્ણ કરવા અંગેના પ્રશ્નો રજૂ કર્યા હતા. ઉપરાંત પાણીની જર્જરીત ટાંકીઓનો સર્વે કરવા સબંધિત અધિકારીઓને જણાવ્યું હતું.

બેઠક દરમિયાન સંકલન સમિતિમાં બાકી પેન્શન કેસ, એ.જી.ઓડીટ પેરા, સરકારી લેણાની વસુલાત, ખાતાકિય તપાસ જેવી બાબતે પણ કલેક્ટરએ વિશેષ ભાર મુક્યો હતો.

બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રતનબેન સુતરીયા, જિલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચારણ, જિલ્લા પોલીસવડા શ્રી ચૈતન્ય માંડલીક, નિવાસી અધિક કલેક્ટર શ્રી વી એલ પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી ડામોર, પ્રાંત અધિકારીઓ સહિતના જિલ્લા અમલીકરણ અધિકારીઓએ ઉપસ્થિત રહ્યા હતા.

# શનિવારે મોડાસાથી રણુજાના પગપાળા સંઘનું મહા પ્રસ્થાન થશે

પ્રતિનિધી અરવલ્લી

ભગવાન રામદેવજીના અખંડ ઉપાસક બ્રહ્મલીન મહંત શ્રી ૧૦૮ પૂજ્ય ચંદુનાથજી યોગીના આશીર્વાદ અને પ્રેરણાથી સતત ૩૫ વર્ષે પણ મોડાસાથી રામદેવરા પગપાળા સંઘનું જન્માષ્ટમી તારીખ-૨૪-૦૮-૨૦૧૯ ને શનિવારે સવારે ૯:૩૦ કલાકે મોડાસાથી પ્રસ્થાન થનાર છે.

ધાર્મિક પગપાળાયાત્રાનું નેતૃત્વ મહંતશ્રી ધમેન્દ્રનાથજી યોગી અને મહંત શ્રી જસવંતનાથજી યોગીજીના સાનિધ્યમાં હજારો રામદેવજીના સાનિધ્યમાં ભક્તોની સાથે પગપાળા જતાં અખંડ જ્યોત અને ૧૧૧ ફુટના પાંચ નેજા સાથે ધર્મનો સંદેશો,પ્રભુ ભજન સાથે વિશ્વ શાન્તી, વ્યસન મુક્તિ અને એકતા અને અખંડીતતાના સંદેશ સાથે ૮૦૦ કિ.મી પગપાળાયાત્રા ૩૫મા વર્ષે મોડાસાથી પ્રસ્થાન કરશે.

આ પ્રસંગે મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ પોમજીમહારાજ ખંદરા રાજસ્થાન, મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ ૐકારેશ્વરગીરીજી મહારાજ કાંકણીમઠ રાજસ્થાન, શ્રી ૧૦૮ મહંત શ્રી ધનેશ્વરગીરી મહારાજ દેવરાજ મોડાસા, રામદેવ ઉપાસક પૂ. હીરાદાદા( મોટી ઈસરોલ) તથા મહંત શ્રી ૧૦૮ પરશોતમ સાહેબ કબીર આશ્રમ લુણાવાડા, સાંસદ દીપસિંહ રાઠોડ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર,મોડાસાના ધારાસભ્ય, લક્ષ્મણભાઈ પટણી અધ્યક્ષ શ્રી વિચરતી વિમુક્ત જાતિ નિગમ ગુજરાત રાજ્ય ગાંધીનગર, શ્રી હેડાઉ ડાયરેક્ટર શ્રી ખાદી કમિશન અમદાવાદ અને મોડાસા નગરના મહાનુભાવો અને અન્ય સંતો મહંતો તથા મહાપુરુષોની હાજરીમાં નેજા પુજન કરી સર્વેના આશીર્વચન સાથે અખંડ રામદેવજયોત સહિત હજારોની સંખ્યામાં પગપાળાયાત્રામાં જોડાયેલ ભાઈબહેનોની હાજરીમાં મંગલમય પ્રસ્થાન કરશે.

### ભિલોડા તાલુકાની વાંકાટીબા પ્રા.શાળામાં સ્ટાફ પરિવાર તરફથી તિથિ ભોજન



પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાની વાંકાટીબા પ્રાથમિક શાળામાં પવિત્ર શ્રાવણ માસમાં શાળાના સ્ટાફ પરિવાર તરફથી બાળકોને તિથિભોજન આપવામાં આવ્યું. શાળા સ્ટાફે આપેલા તિથિભોજનથી શાળા વ્યવસ્થાપન સમિતિ તથા ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતા. બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો.

# મેઘરજના વડથલી ગામે ગોગાજી મંદિરે ભક્તોની ભીડ જામી



પ્રતિનિધી અરવલ્લી

મેઘરજ તાલુકાના વડથલી ગામે ગોગા મહારાજના મંદીરે નાગપંચમી નીમીત્તે મંદીરના મહરાજ કિરીટસિહ ચૌહાણ દ્વારા ગોગામહરાજની ખાસ પુજા અર્ચના કરવામાં આવી હતી.

ગોગા મહરાજના દર્શનાર્થે તાલુકાના તેમજ જીલ્લાના વિવીધ ગામડાઓમાંથી ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા અને પુજા અર્ચના કરી હતી. નાગપંચમીના દીવસે ગોગા મહરાજના દર્શન કરી સૌ ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

**૧૧૧૧૧૧...**

**પાના નં.૧ ચાલુ**

ગ્રીન આવરણ નાશ પામ્યું છે અનેક મહામુલા વૃક્ષો નામશેષ થઈ ગયા છે તેમાંય છેલ્લા એક દાયકાથી તો વૃક્ષ છેદનનું પ્રમાણ હદ વટાવી ગયું છે ઈન્ટનેટથી લીધેલી તસવીરો પરથી પણ સાબિત થયું છે કે આ પંથકમાં ગ્રીન આવરણ નામસેશ થઈ ચૂક્યું છે જોકે સમગ્ર જિલ્લાને દિશા બતાવતા આ પંથકને હરિયાળો બનાવવાના એક પ્રેરણાદાઈ પ્રયાસ રૂપે વરસ ૨૦૧૧ માં તત્કાલીન જિલ્લા કલેક્ટર આર.જે.પટેલ દ્વારા જુનાડીસા ગામની વાસણા ગામના રોડ ઉપર આવેલી ગૌચરની જમીનમાં ૧,૧૧,૧૧૧ છોડનું વૃક્ષારોપણ કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ પણ સર્જ્યો હતો. પરંતુ પાછળથી દેખરેખના અભાવે આ તમામ રોપાઓનું બાળ મરણ થઈ ગયું છે જયાં આજે એકપણ છોડ ઉગેલો જોવા મળતો નથી ઉલટાનું ત્યાં અનેક લોકોએ દબાણ કરી કરી દીધુ છે ....!

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા માં થઈ રહેલા આડેધડ વૃક્ષ છેદનની પ્રવુતિ પર ફોરેસ્ટ વિભાગની રહેમ નજરની સાથે સાથે સરકારના પરિપત્રના કાયદાનો પણ દુરુપયોગ થઈ રહ્યો છે ત્યારે ઋષિ સમાન વૃક્ષોની થઈ રહેલ હત્યાંને રોકવા આપણ સૌ નાગરિકોની પણ ફરજ છે ત્યારે આજે સૌ સંકલ્પ કરીએ કે આપણા ગામમાં વધુને વધુ વૃક્ષ વાવીએ અને ઉછેરીએ તેમજ કપાતા પણ બચાવીએ.

**બનાસકાંઠા...**

**પાના નં.૧ ચાલુ**

પામ્યો છે આ ઉપરાંત જિલ્લાના કેટલાક ભાગોમાં પણ છૂટો છવાયા છાંટા થયાના સમાચારો મળી રહ્યા છે. આકાશમાં વાદળો અને વરસાદી માહોલને લઇ ઉકળાટ અને બફારાનું પ્રમાણ પણ વધ્યું છે.આ ઉપરાંત વરસાદના અભાવે તાપમાન પણ ઉંચે જતા લોકો પરેશાન થઈ ઉઠયા છે તથા બેવડી ઋતુ સર્જાવાથી લોકોમાં તેની સીધી અસર પણ જોવા મળી રહી છે જોકે હજુ આગામી સમયમાં વધુ સારા વરસાદની પણ શક્યતાઓ સેવાઇ રહી છે.

**રેલ્વેની...**

**પાના નં.૧ ચાલુ**

ટ્રેનો પણ દોડવા લાગી છે તેમજ હવે ચોમાસુ ઉતરવાના આરે છે તેમછતાં કુંભકર્ણની ઘોર નિંદ્રામાં પોઢતા રેલવે તંત્રે હજુ સુધી કેનાલમાંથી માટી હટાવવાની તસ્દી લીધી નથી. જેથી ગતિશીલ ગુજરાતના જાહેરમાં ધજાગરા ઉડે છે જ્યારે નઘરોળ તંત્રના પાપે ખેડૂતો પાણી માટે ટળવળે છે.જેથી વાવેતર બળી જતા દેવામાં ડૂબેલા ખેડૂતોના ચોમેર ડુસકા સાંભળવા મળી રહ્યા છે....!!

ઘર આંગણે પાણી આવ્યું હોવા છતાં જગતના તાત ગણાતા ખેડૂતોને રાતા પાણીએ રોવરાવનાર તંત્રની અક્ષમ્ય લાપરવાહી સામે જવાબદાર અધિકારી અને પદાધિકારીઓ દાખલા રૂપ કાર્યવાહી કરે તેમ કુદરત બાદ તંત્રના પ્રહારથી લાચાર બનેલા ખેડૂતો ઝંખે છે.

**સૈંભર ગોગ...**

**પાના નં.૩ ચાલુ**

નાગ દેવતાના દર્શન બાદ ભાવિકોએ મંદિરના પ્રાકૃતિક નજરાને પણ મન ભરીને માણ્યો હતો. તેથી ધામને જોડતા માર્ગો ઉપર પણ ભારે ભીડ જોવા મળી હતી. જો કે, ટ્રસ્ટ દ્વારા ટ્રાફિક વ્યવસ્થા માટેનું સંકલન ચર્ચાઁનો વિષય બન્યો હતો. ફરજ પરના કર્મીઁઓ લાગવગશાહી ચલાવી રીક્ષા-સહીત અન્ય વાહન વ્યવહાર જવા દેતા હતા. જ્યારે પ્રેસના ઈમરજન્સી વાહનવ્યવહાર પણ રોકતા હતા. જેને લઈ દૂરથી આવતા ભાવિકોમાં નારાજગી છવાઈ હતી.

**આબુ તળેટીથી...**

**પાના નં.૩ ચાલુ**

રામગોપાલે ૩ કલાકમાં મા.આબુ સર કરી જન મેદનીના આકર્ષણનું કેન્દ્ર બનેલ અને પ્રથમ આવેલ. વિશાળ વૈશ્વિક આયોજનમાં બ્રહ્માકુમારી વિદ્યાલયમાં પ્લાસ્ટીકનો બિલકુલ ઉપયોગ ન કરી દેશને પ્રેરણા આપેલ. સર્વ ૨૫૦૦ રમતવીરો ને બે દિવસ ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગનો અભ્યાસ કરાવી તેમના મનોબળમાં વૃધ્ધિ કરવામાં આવેલ.

૮૦ વર્ષિય રાજગોપાલ જેઓ દિલ્હમાં રાજયોગ કલાસમાં નિયમિત બ્રહ્માકુમારીઝના વિદ્યાર્થી છે તેઓએ માત્ર ૩ કલાકમાં આબુ સર કરવાનો વિક્રમ સ્થાપિત કરેલ. તેમણે ચારધામની યાત્રા પગપાળા કરેલ છે. તથા આ તેમની ૧૦ મી. મેરેથોન હતી જેમાં પ્રથમ આવેલ.

**પાલનપુરમાં વર્ષમાં...**

**પાના નં.૩ ચાલુ**

આજે પણ નવરાત્રી આઠમે શ્રી નાગણેજી માતાના મંદિરે થતા હવનમાં પાલનપુર નવાબના પરિવારજનો ફાળો આપી રહ્યા છે. ત્યારે પાલનપુરના રાજગઢી વિસ્તારમાં આવેલું નવાબીકાળનું શ્રી નાગણેજી માતાનું મંદિર કોમી એકતાનું મિશાલ પુરી પડી રહ્યું છે.

**લાખણી તાલુકાના...**

**પાના નં.૩ ચાલુ**

આ બે કિલોમીટરનો રસ્તો બનાવવા માટે આ વિસ્તારના લોકોએ રજૂઆતો કરી હતી પણ જવાબદાર લોકોની લાપરવાહીના કારણે આ રસ્તો આજદિન સુધી બનેલ નથી જેના કારણે પરા વિસ્તાર ના લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને આજરોજ તેમણે લાખણી મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપીને સરકાર સમક્ષ તેમની વ્યથા રજૂ કરી છે અને ખૂબ ઝડપથી આ રસ્તો બનાવવામાં આવે તેવી તમને માગણી કરી છે આ રસ્તો બનાવવામાં આવે તો આ વિસ્તારના લોકોને અને વિદ્યાર્થીઓને ખૂબ મોટો હાશકારો થશે.

**બનાસકાંઠાના પ્રાથમિક...**

**પાના નં.૮ ચાલુ**

નિરિક્ષકની બઢતી માટે એચટાટ મુખ્ય શિક્ષક લાયકાત ધરાવે છે. તેવી સમાન કક્ષાની લાયકાત પ્રાથમિક શિક્ષક પણ ધરાવે છે. જેથી કેળવણી નિરિક્ષકની જગ્યા ઉપર માત્ર એચટાટ મુખ્ય શિક્ષકને બઢતી મળે તે યોગ્ય નથી. પ્રાથમિક શિક્ષક પણ આ બઢતી માટે હકદાર છે. તો આ બાબતનો ઝડપથી અને સુખદ ઉકેલ આવે તેવી શિક્ષકોની માંગણી છે.

**ભીલડી નજીક...**

**પાના નં.૮ ચાલુ**

રહે.કંધોલા તા.ચમકોર સાહીબ જી.રૂપનગરપંજાબ વાળા ટ્રક નંબર PB-65-E-1934 માં વિદેશી દારૂ બોટલ નંગ-૪૮૯૬ જેની કુલ કિ.રૂ-૧૯,૫૮,૪૦૦ તથા મોબાલઇ ફોન નંગ-૪ કિ.રૂ-૩૫૦૦ તથા ટ્રક કિ.રૂ-૧૦,૦૦,૦૦૦ તથા સંતુર સાબુની પેટીઓ-૬૮૬ કિ.રૂ-૧૭,૮૩,૬૦૦ તથા તાડપત્રી અને રસ્સો જેની ની કિ.રૂ-૧૦૦૦ એમ કુલ કિ.રૂ-૪૭,૪૬,૫૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**ભાભર જાહેરમાં ...**

**પાના નં.૮ ચાલુ**

વેર, આરતી ઈલેક્ટ્રોનિક ધર્મેશ ફૂટવેર, મુકેશ ફૂટવેર, કરણ ચાર સામે કેસ ચલાવવામાં આવશે તેમજ ઉપરોક્ત અગિયાર ઈસમોને પ્રાંત ઓફિસર અંસારીએ સુચના આપેલ કે જાહેર જગ્યા ઉપર ગંદકી કરવી નહીં. વારંવાર ગંદકી કરતા ઈસમો સામે જરૂર જણાય તો તેમની દુકાનો સીલ કરવાની ફરજ પડશે ટીવી સૂચના આપતા ભાભરમાં ગંદકી કરતા ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.

**આજથી શાળાઓમાં ...**

**પાના નં.૮ ચાલુ**

મળ્યો છે ત્યારે આજથી શરૂ થતાં પાંચ દિવસના મીની વેકેશનને લઈ વિવિધ ધાર્મિક સ્થળો પર પણ લોકોની ભીડ જોવા મળશે. જ્યારે સતત વિદ્યાર્થીઓના શોરબકોરથી ગુંજતી શાળાઓ સુમસાન થઇ ઉઠશે. શ્રાવણ માસના આ જન્માષ્ટમીના પર્વને લઈ લોકોમાં પણ ખૂબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે શાળાએ જતા બાળકોને પણ વેકેશન મળતાં વાલીઓનો પણ ઉત્સાહ બેવડાયો છે.

**ડીસા તાલુકામાંથી...**

**પાના નં.૮ ચાલુ**

તા.ડીસા, વંશાજી હરચંદજી જાતે ઠાકોર રહે ચત્રાલા તા ડીસાવાળા પાસેથી રોકડ રૂપિયા ૧૦૨૫૦ તથા જુગારના સાહિત્ય સાથે ઝડપી લીધા હતા. આ ઉપરાંત આખોલ (ગલાલપુરા) ગામે તીન પત્તી જુગારની રેઈડ કરતાં દીનેશજી જગાજી ઠાકોર રહે.આખોલ મોટી,ચંદુજી તલાજી ઠાકોર રહે.આખોલ મોટી, હેમજી હકાજી રહે.આખોલ મોટી, અજમલજી નરસીહજી ઠાકોર રહે. રહે.મહાદેવીયા,ઈશ્વરજી છગનજી ઠાકોર રહે. મહાદેવીયા તા.ડીસાવાળા ઈસમો પાસેથી રોકડ રૂપિયા ૧૦૩૫૦ તથા જુગારના સાહિત્ય સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વાવની મી.ચારણ પ્રા.શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી



વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

આંતર રાજય સરહદી સીમાડે આવેલી વાવ તાલુકાની મી.ચારણ પ્રા.શાળામાં રક્ષાબંધન પર્વની શાનદાર ઉજવણી કરાઈ હતી. પ્રા.શાળામાં ભણતી વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી બંધુઓને રક્ષાબંધનના પર્વ નિમિત્તે રાખડીઓ બાંધી શુભેચ્છાઓ પાઠવી હતી. વિશેષમાં મી.ચારણ સરપંચ પી.ડી. ગઢવીને પ્રા.શાળાની વિદ્યાર્થીનીઓએ રાખડી બાંધી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી.. ધાર્મિક તહેવારની સાથે રાષ્ટ્રીય પર્વ એવા સ્વાતંત્ર દીન પર્વની પણ સાથો સાથ શાનદાર ઉજવણી કરાઈ હતી. મી.ચારણ પ્રા.શાળાના સ્ટાફ મિત્રો અને ઉત્સાહી સરપંચ પી.ડી.ગઢવી દ્વારા સ્વાતંત્ર પર્વ અને રક્ષાબંધનના પર્વ વિશે વિદ્યાર્થી મિત્રોને માહિતગાર કરાયા હતા કે રાષ્ટ્રીય પર્વ અને ધાર્મિક પર્વની મહત્વ શું છે તે પ્રસંગે બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## ધાનેરામાં રાજીવગાંધીજીની ૭૫મી જન્મજયંતી નિમિત્તે વૃક્ષારોપણ



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં રાજીવગાંધીજીની ૭૫ મી જન્મજયંતી નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલ, ધાનેરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિનેશભાઈ પટેલ, ધાનેરા શહેર કોંગ્રેસ પ્રમુખ હરિસિંહ રાજપુત, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ રાવ, જિલ્લા પંચાયતના ડેલીગેટ માધુભાઈ પટેલ, જગસીભાઇ ભગત વિનુસિંહ સોલંકી, વશરામભાઈ ગલચર જયેશભાઈ શંકરભાઈ રૂપાભાઈ પટેલ, માજી ફોરેસ્ટ અધિકારી ગોવિંદભાઈ પટેલ, બચુભાઈ બેલીમ, નજીરભાઈ શેખ તથા તમામ કોંગ્રેસ પાર્ટીના આગેવાનો વડીલો તેમજ કાર્યકર ભાઈઓ અને શાળાના બાળકો સાથે હાજર રહી વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

## પૂર્વ પ્રધાનમંત્રી સ્વ.રાજીવગાંધીની ૭૫મી જન્મ જયંતિની ઉજવણી



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સમિતીના પ્રમુખ દેવીસિંહ પી.ડાભીની અધ્યક્ષતામાં કોમ્પુટરયુગના અને ડિજીટલ ભારતના પ્રણેતા ભારતના પુર્વ પ્રધાનમંત્રી સ્વ.રાજીવગાંધીની ૭૫મી જન્મ જયંતિની ઉજવણી મુમનવાસ ખાતે કરવામાં આવી હતી.જેમાં રાજીવ ગાંધીના ફોટાને માલ્યાર્પણ કરી રાજીવ ગાંધી અમર રહોના નારા બોલાવવામાં આવ્યા હતા ત્યારબાદ તેમની યાદમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.જેમાં તાલુકા કોંગ્રેસના અગ્રણીઓ ભીખુભાઈ બિહારી, ભીખાભાઈ ચૌધરી, બધાજી ઠાકોર, રતિલાલ પરમાર, રઘુભાઈ બેગડીયા, ઝાકીર પઠાણ, મુમનવાસના સરપંચ અશરફભાઈ, વગદડી ના સરપંચ ઈબ્રાહીમભાઈ, ગામના અગ્રણીઓ, ઈમરાનભાઈ ભાટી, શાળાનો સ્ટાફ સૌ ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.અને આ પ્રસંગે શાળાના બાળકોને ચોકલેટ વિતરણ કરવામાં આવ્યું હતું.



# પાલવના પડછાયા

નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...

# હંસા જીવનનો એક પંથ

**આગ ભીતર ભીતરની** — **રેણુ વિષ્ણુકુમાર બારોટ**

ગતાંકથી ચાલુ

માસીએ હંસાની દયા ખાઈને કહ્યું મારા ઘેર રહેવા આવતી રહે અને જો તને ન ફાવે તો પાછળનું મકાન છે. હંસા રહેવા માટે તૈયાર થઈ ગઈ હતી. લાચાર હતી એ દિવસે જોગાનુજોગ માને નોકરી મળી જતા બીજે ગામ જવાનું હતું. ત્યારે હું ત્યાં હતો હંસાએ કહેલું માસી મારી સગવડે ભાડું આપીશ.તું તારે શાંતીથી રહેને..

માસીના શબ્દો હતા. જીંદગી હતી. સમયની ચડ ઉતર હતી.

નવા શહેરમાં એકલો હતો મારી એક ગણતરી હતી. વિધવા બાને માને સાથે લઈ આવે, રસોઈ ઘરકામમાં રાહત થાય પણ મારી ઈચ્છાઓ પાર પડે એ પહેલાં મારી બા જયાં મારા પિતાજી વર્ષો પૂર્વે ગયા હતા ત્યાં પહોંચી ગઈ.. વતનના ઘેર વિધિ પતાવીને હું જવા નીકળું એ પૂર્વે માસીને આવવા માટે કહ્યું.. એણે તો હંસાને લઈ જવા કહ્યું.

હું તો બે ઘડી સ્તબ્ધ થઈ ગયો. વગર સંબંધે એને લઈ જવી એટલે..જોકે બીજી તરફ હંસા મારી સાથે આવવા તૈયાર ન હતી. ન જાણે કેમ છેક નાનપણથી એને મારા માટે કંઈક ખોટા વિચાર હશે.

માસી તૈયાર ન હતી. અને હંસા સાથે બારાખડી બંધાઈ ન હતી. હું આખરે એકલો નીકળી ગયો. જેવો પડશે એવા દેવાશે એમ માની લઈને હું ઘરના ઘણા કામ કરતો અને સમયસર નોકરીના સ્થળે પહોંચી જતો. જોકે સાંજ ઢળે કંટાળી જતો. કયાંક પથારીમાં મને પડતાંવેંત ઉંઘ આવી જતી. કયાંક પડખાં ઘસવાં પડતાં. બધાંય વિચારોમાં જીંદગી.. લગ્ન સમય ઘણું બધું યાદ આવી જતાં. મારી જ્ઞાતિમાં કન્યાઓનું પ્રમાણ ઓછું હતું જે હતી તે લગ્ન સંબંધે બંધાઈને એમના સંસારમાં આગળ વધતી હતી.

હું ત્યાંનો ત્યાં હતો. જોકે મારા લગ્ન અંગેની વાત પણ કોણ કરે ? જેને હું માસી માસી કહેતો હતો એમણે એ અંગે વિચાર્યું હોય એવું લાગતું ન હતું. એક દિવસ એમણે હંસા વિશે આડકતરી રીતે કહેલું પણ મેં પ્રત્યુત્તર વાળ્યો ન હતો. મને એની એ છબી યાદ હતી. હું હસતો ત્યારે એ તો હસવાનું તો દુર બોલાવતી સુદ્ધાં નહીં. કદાચ મારામાં એક ડંખ હોય..

જીવતો હતો. ઈશ્વરના ભરોસે..

માસીનો ફોન આવ્યો, વતનમાં હવે એ માત્ર રહ્યા હતા. એમણે કહ્યું, તું ચાર છ દિવસની રજા લઈને આવજે.. મારે તારૂં કામ છે. આવજે જ કોઈ બહાનું ન બતાવતો.

પણ કેમ ? મેં સામે પુછયું.

કામ છે..કદાચ હું ઉકલી જાઉં.. એ પહેલાં મને..

એવું ન કહો, અઠવાડીયા દસ દિવસમાં આવું છું જરૂરથી.. મેં કહ્યું..

દસ દિવસ થઈ ગયા.

હું જવા નીકળ્યો.. એક બેગ અને એક મોટો થેલો હતો. કદાચ ચારમાંથી પાંચ દિવસ પણ રોકાવાનું થાય.

મેં એક ધારણા બાંધી.

રાત્રે સાડા આઠે પહોંચી જવાની મારી ધારણા હતી. પણ રેલ માર્ગ પર વચ્ચે માલગાડીના બે ડબ્બા ખડી પડયા હતા. ગાડી ચાર કલાક મોડી પડી..

પહોંચ્યા ત્યારે બાર વાગી ચૂકયા હતા. સર્વત્ર શાંતિનો માહોલ ઉભો થઈ રહ્યો હતો. ચોમાસુ હાલમાં જ વિદાય થયું હોય ઠંડક હતી. ભેજનો માહોલ હતો. આખુંય આકાશ સ્વચ્છ હતું.. ચંદ્ર આખો નહીં પૂર્ણ ગોળ હતો. એકદમ ચોખ્ખો જણાતો હતો.

જ્યાં માસી રહેતાં હતા ત્યાં આવી પહોંચ્યા. કુતરાંની છુટીછવાઈ જમાત જાણે ભસવા તૈયાર હતી.

એક એ સમય હતો. માસીના ઘેર આવતો હતો. ત્યારે એક એક કુતરૂં ઓળખતું હતું પણ હવે..

હવે તેઓ ઓળખાણ ભુલી ગયાં હતાં.. મને જોઈને ભસ્યાં..

ઓળખતાં નથી મને.. મારા એ શબ્દોની અસર થઈ.. તેઓ ચૂપ થયાં. માસીના ઘર આગળ ગયા.. બુમ પાડી ઉઠયો..

માસી... સાંકળ ખખડી.. મને હતું માસી મને જોતાં જ કહેશે, આયો ભૈ ? પણ.. પણ સામે હંસા હતી.

આયા તમે ? ને એણે થેલો લઈ લીધો.

માસી કયાં ? મેં પુછયું.

ત્યાં તો અંદરના ઓરડામાં લાઈટ થઈ. આયો ભૈ..

તું કહેતી હતી ને એટલે આવી ગયો છું.. મેં કહ્યું.

ને પછી માસીએ મારૂં બંધન હંસા સાથે કરી દીધું. એ રાત્રે હંસાએ મને કહ્યું તમને તો હું ગમતી હતી હવે તમે મને ગમશો.. હંસા જીંદગીમાં આવી. એ પછી પંદરમા દિવસે માસી ઉપરવાળાના ધામમાં પહોંચી ગયાં.

## વૈશ્વિક આંતકવાદ સામે ઝઝૂમતા રાષ્ટ્રને દૂષણો મુક્ત અને વિકાસની સંકલ્પની સંકલ્પના દ્વારા માનવતાવાદી દ્રષ્ટીકોણના દીવાની વાટને સંકોરતી કથા

**શબ્દ સમીપે**

**- નટવર હેડાઉ**

'દીવાની એક વાટ 'જય ગજ્જરની તાજેતરમાં જ લખાયેલી નવલકથાનો ઉઘાડ જોતાં એક નિવડેલા નવલકારની હથોટીના કસબને પામ્યાનો અનુભવ થાય છે.નવલકથાના સ્વરૂપના ઉલટ સુલટ કરી કેવી આ નવલકથા ગુજરાતી કથા સાહિત્યમાં સીમા ચિન્હ રૂપ ગણી શકાય તેવું અપૂર્વ સર્જન છે.

અમેરીકન કલ્ચરનો પરિચય આપતા હોય તેમ નાયગરાના ધોધના પ્રવાસન સ્થળે ફરવા આવેલી એક ભારતીય યુવક અને યુવતી તેમજ એક પાકિસ્તાની યુવકની મિત્રતા પશ્ચિમી સંસ્કૃતિની તેમના આચાર વિચાર પર અસર અને છતાં ટકી રહેલા સંસ્કારોને લેખકે ખુબીથી રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.જે ખૂબ આવકારદાયક છે.

મુંબઈની એક છોકરી ચીકી અને ગુજરાતી યુવક વિરાટ સાથે મહંમદ નામે પાકિસ્તાની યુવકની મિત્રતા પરસ્પરના પરિચય અને યુવાની સહજ આકર્ષણને કારણે રોમેંટીક વિચારોમાં સરી જતાં ત્રણ પાત્રો એક રેસ્ટોરંટમાં સાથે જમે છે અને હોટલમાં એક જ રૂમમાં રાતવાસો કરે છે.ત્યારે તેમના અંતરમનમાં ઉદ્દ્ભવતાં વિચારોને જયભાઈએ બખૂબી રજૂ કર્યો છે.કથારંભે આ ત્રણે પાત્રોનો વિકાસ લેખકે અપૂર્વ સહજતાથી સાધ્યો છે.તેમની વાતોમાં વાચકને વિશ્વ વાત્સલ્યનો સાદ સંભળાય છે.વિરાટ, ચીકી અને મહંમદને માનવજાત મૈત્રીભાવ, પ્રેમભાવવાળી જણાય છે.તેઓ અહી આવતાં પૂર્વેનો પોતાનો પરિચય સ્વમુખે આપે છે.વાચકને પ્રણય ત્રિકોણ રચવાનો પોતાનો અંદેશો થાય છે પણ ત્યાં અચાનક મહંમદના પિતા અને બહેન તાલિબાનોના આંતકનો ભોગ બનતાં મહંમદને પાકિસ્તાન જવું પડે છે.

આ નવલકથામાં સમય સંકલ્પના, વાર્તાતંતુ, પ્લોટ, પાત્ર કે ચરિત્ર નિર્માણ, વાતાવરણ શૈલી સંઘર્ષ નાટ્યાત્મકતા જેવાં ઘટક તત્વોનો જે રીતે ઉપયોગ થયો છે.તે જોતાં નવલકથાનું સ્વરૂપ અખંડ-અવિભાજ્ય રહ્યું છે.પાત્ર, પરિસ્થિતિ કે વાતાવરણ અને કથા કથન વિગેરે અંગોને એક રસ કે સમરસ બનાવી તેનું સંવિધાન મહત્વપૂર્ણ છે.કૃતિના આરંભથી વિરાટનું પાત્ર ભાવકની ચેતનાને સંકોર્યા કરે છે.તો ચીકી દ્વારા જીવનરસના રંગીન ફુવારાનું વૈવિધ્ય પ્રગટ થાય છે.મહંમદના પાત્રમાં માનવનિયતિનું નૂતન સત્ય પ્રગટ અનુભવાય છે.પરિવર્તનશીલ વિશ્વની આ લીલામાં જીવનનાં એકાધિક પ્રશ્નો અને દૂરિતો વચ્ચે સંકુલ અને અકળ માનવ ચિત્તની વિષમતાઓ વચ્ચે યાંત્રિકતા, યંત્રયુગની એકલતા, હતાશા અને નિભ્રાન્તિ વચ્ચે આ નવલકથા માનવજીવનના અનેક પાંસાઓને દિપ્તીમંત કરી ઉજાળી શકવાની શક્યતા બનાવે છે.

નવલકથાને વિદ્વાનોએ ભલે ર્કદ્વિજ્ઞીજજ ર્કદ્વિ ક ર્કીટ્ટિક્ષિ કે ષ્ઠી 'રીટ્ઠી ગણાવી હોય પરંતુ આ 'રીટ્ઠી મિત્ર મનોરંજનથી આપવું તે માનવ જીવનને નવી ઓળખ, વિચાર, દષ્ટિ અને સમ્યક સમજણ સાથે નૂતન દષ્ટિ પણ આપે છે.રચનારીતિની કુનેહએવી અદભૂત છે કે રોમેંટિક લાગતી આ કથામાં એકદમ ભાવ પલટો લાવી લેખક વાચકને આજની વિશ્વ સમસ્યા એવા આંતકવાદની વાતમાં એ રીતે ગરકાવ કર્યો છે કે સ્વાન ખીણોનું કાશ્મીર જેવું સૌદર્ય અને મહંમદના પિતા તેમજ બહેનના આંતકવાદી હુમલામાં થયેલ મૃત્યુથી વાચકને અવસાદમાં ખેંચી જવામાં લેખક સફળ નીવડી છે.કેમકે આંતકના ઓછાયામાં જીવતા લાકોનું હુબહું વર્ણન વાચકને ઘડીભર હચમચાવી દે છે.જો કે નવલકથામાં ફ્લેશબેક ટેકનીકનો ઉપયોગ ખાસ ક્યાંય થયો નથી.મોટા ભાગે સીધીલીટીમાં નવલકથા ચાલે છે.

લેખકનો અભ્યાસ તેમજ પૂર્વ-પશ્ચિમનું ઉત્તમ 'વાંચન તેમના ગદ્યને પ્રાંજલ બનાવે છે.ગદ્યમાં મધુરતા-ઋજુતા અને પ્રવાસી પણાનો સુમેળ જોઈ શકાય છે.નાયગરા હોય કે સ્વાનનું સૌંદર્ય કે પછી મુંબઈ નગરીનું જનજીવન આથી સ્થળ વિશેષોનું સ્મરણીય ચિત્ર હૃદયંગમ લાગે છે.અહીં માંગ શબ્દ અને અર્થનું સાયુજય નથી પણ જીવતી ધબકતી શ્વસતી અમીર એવી અનૂભુતિ છે.જે યથાર્થની યાત્રા આરંભે છે અને પહોંચે છે.યથાર્થના શિખર તરફ ત્યારે લાગે છે કે અહીં વાસ્તવનું કલાતત્વમાં રૂપાંતર થયું છે.સતત પરિવર્તનશીલ માનવજીવનની લીલાને નવલકથાનો સુગ્રંથિત આકાર આપવો અતિ દુષ્કર કર્મ છે.'દીવાની એક વાટ'ને શબ્દોથી કઈ રીતે આકાશીત કરવી? નવલકથાની સૃષ્ટિએ સર્જકની વિશિષ્ટ સંવેદનાની એક સૃષ્ટિ છે.લેખકની સ્વકીય સંવેદન શીલતા તેમાં ડોકીયાં કરતી હોય છે.જગતની અપાર વિવિધતા, વિસંગતિઓ અને વિષમતાઓને નવલકથાકારે અહીં એક આકાર, તરાહમાં ઢાળવાનો પ્રયત્ન કર્યો છે.સાંપ્રત ઘટનાઓને કાલ્પનિક દસ્તાવેજી કથાના વાહન પહેરાવીને વાચકના મનમાં પડેલ દેશદાઝને પોતાના વિચારોની અભિવ્યક્તિથી મૌલિક રીતે રજૂ કરી નવલકથાના પાત્રોની સાથે વાચકને જોડવાનો પણ સુંદર પ્રયત્ન કર્યો છે.પોતે કદાચ ક્યારેય ગયા ન હોવાં છતાં ઈલેક્ટ્રોનિક માધ્યમો અને વિશાળ વાંચનના નિશંકોચ રૂપે લેખકે પાકિસ્તાનના સ્વાત વિસ્તારના લોકોમાં રહેલ તાલીબાનોના આંતકની પ્રસ્તૃતિ ટેક્સી ડ્રાઈવર કાસમના પાત્ર દ્વારા કરી છે.તે તાલીબાનોના જાયને કારણે મહંમદને કારમાં સંગીત વગાડવાની ના પાડે છે.ઉપરાંત ત્યાં છોકરીઓ શાળાએ જઈ શકતી નથી તે બાબત તેમજ તાલિબાનોના અવારનવારના હુમલાની વાતો વાંચતા સ્વાત વિસ્તારની નોબેલ પુરસ્કાર વિજેતા બહાદુર દિકરી મલાલા યુસુફની અને એકાદ વર્ષ પહેલાં એક મીલીટ્રી સ્કૂલના બાળકો પર થયેલા હુમલાની ઘટના માનસપર તાજી થાય છે.મહંમદના પિતાની યુવક દ્વારા હુમલાનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીના દ્વારા તકેદારી છતાં એક વ્યક્તિનું મોત વાચકને સ્વાત વિસ્તારની વાસ્તવિકતાથી પરિચિત કરાવે છે.

મહંમદ ટોરેન્ટો પાછો આવે છે તે પછી કોલેજમાં એક ભારતીય મુસ્લીમ વિચારક પ્રા.ખાન દ્વારા વ્યાખ્યાનો પ્રસંગ પણ લેખકે ખૂબ સૂચક રીતે મુકેલો છે.તેમાં ઘુસી આવેલ બે આંત-કવાદીઓ પૈકીના એકનો હૃદય પલટો થતાં આત્મસમર્પણ કરે છે.જયારે બીજો હુમલો કરવાં જતાં પકડાઈ જાય છે.એ ઘટના પણ વિદેશની ધરતી પર ફેલાયેલી ઓતકના ઓછાયા ને રજૂ કરે છે.પ્રો.ખાન જીનીવામાં વર્લ્ડ રીલીજીયસ કોન્ફ્રન્સમાં જઈ આવેલા છે.તેનાથી પ્રભાવિત મહંમદને તેઓ ઈસ્લામ અંગેના ત્રણ પુસ્તકો આપે છે જેમાં ઈસ્લામ અંગેની સાચી હકીકત લોકો સુધી પહોંચે તે ઉદ્દેશ સમાયેલો દેખાય છે.

પરીક્ષા દરમ્યાન દસ દિવસ ત્રણે મિત્રો મળી શકતા નથી પરંતુ પછી સાથે મળી ટોરેન્ટોના જોવાલાયક સ્થળોમાં ફરી વળે છે.કેમકે અભ્યાસ પુરો થતાં હવે ત્રણેને સ્વદેશ પાછા ફરવાનું હોય છે.મહંમદ પાકિસ્તાન તેમજ વિરાટ અને ચીકી ભારતમાં મુંબઈ પાછા ફરે છે.ચૌદ કલાકની નોન સ્ટોપ ફલાઈટમાં બંન્નેને એકબીજાની સારી કંપની રહી.મુંબઈમાં વિરાટને આઠ કલાકે પહોંચવાનું હતું.એની અમદાવાદની ફલાઈટ સાંજના હતી.તેથી વિરાટ મુંબઈનાં ચીકીના ઘેર રોકાતાં તેના કુટુંબ સાથે પરિચય થાય છે.ચીકીના પિતા કંચનભાઈ અને માતા કુન્દનબેન વિરાટના વ્યક્તિત્વથી પ્રભાવિત થાય છે. તો મહાલક્ષ્મીના મંદિરે દર્શન અને છેલ્લે ચીકી દ્વારા તેના પ્રેમની સ્વીકૃતિને મહોર મારી વિરાટ તેના ગામડે પાનસર જવા મુંબઈથી ફલાઈટમાં અમદાવાદ જવા રવાના થાય છે.

(ક્રમશ..)

નટવર હેડાઉ